Gyan Amrit
જ્ઞાનામૃત

Vol.16 - Issue 09
September 2023
Price 15/-

Happy गणेश चतुर्थी

અમદાવાદ સુખશાંતિભવન ગુજરાત ઝોન મુખ્યાલય ખાતે સ્વતંત્રતા દિવસે ધ્વજવંદન બાદ સમૂહમાં 'હર ઘર ત્રિરંગા' યાત્રાના યાત્રીગણ.

ગાંધીનગર સેક્ટર-૨૮ સેવાકેન્દ્ર ખાતે રાષ્ટ્રધ્વજ ત્રિરંગા યાત્રાના શુભારંભે બ્ર.કુ. કૈલાસબેન સાથે બ્રહ્માકુમાર ભાઈઓ-બહેનો.

સુરત સરથાણામાં 'મહિલા મેડિકલ જાગૃતિ કેમ્પ'ના ઉદ્દઘાટન પ્રસંગે વૃંદમ હોસ્પીટલના મેનેજીંગ ડાયરેક્ટર ડૉ. જયભાઈ, ડૉ. ધારાબેન, ડૉ. મેહુલભાઈ, ડૉ. મયુરભાઈ સાથે બ્ર.કુ. દક્ષાબેન.

કેશોદમાં આયોજીત 'ગીરની વિવિધતા' કાર્યક્રમમાં ગુજરાત વાઈલ્ડ લાઈફ બોર્ડના પૂર્વ પ્રમુખ ભ્રાતા રતુભા રાયજાદા, ડૉ. ભાણવડીયા, રોટરી ક્લબના પ્રમુખ ભ્રાતા બિરેન્દ્રસિંહ રાયજાદા, બ્ર.કુ. રૂપાબેન.

મરોલીમાં 'નશા મુક્ત ભારત અભિયાન'માં મનીષ પેકેજીંગ કંપનીમાં એડમીન હેડ ભ્રાતા અક્ષયભાઈને સૌગાત આપતાં બ્ર.કુ. મુકેશબેન.

રાજકોટ જાગનાથ સેવાકેન્દ્ર દ્વારા આયોજીત 'નશા મુક્ત ભારત અભિયાન'ની રેલીમાં બ્ર.કુ. ભગવતીબેન સાથે ભાઈ-બહેનો.

નવસારી સેવાકેન્દ્રમાં 'દિવ્યતા સમ્પન્ન' સન્માનીત યુગલોના ગ્રુપ સાથે બ્ર.કુ. ગીતાબેન, બ્ર.કુ. ભાનુબેન તથા બ્ર.કુ. મધુબેન.

ગોધરામાં જીલ્લા સ્તરીય 'મારી માટી મારો દેશ' ત્રિરંગા યાત્રામાં સહભાગી બ્ર.કુ. ઈલાબેન, બ્ર.કુ. સરોજબેન, બ્ર.કુ.ભાઈ-બહેનો.

Gyan Amrit
જ્ઞાનામૃત

વર્ષ ૧૬ સપ્ટેમ્બર - ૨૦૨૩ અંક : ૦૯

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયનું મુખપત્ર

અમૃતસૂચિ

- ક્રોધ આવવાનાં કારણો ....તંત્રી સ્થાનેથી ..04
- મહત્વકાંક્ષા ....બ્ર.કુ. જગદીશચંદ્ર ..06
- ક્રોધ ઉપર સંપૂર્ણ વિજય ....બ્ર.કુ. ભારતભૂષણ ..11
- પ્રભુને પત્ર ....બ્ર.કુ. ઉમેશ ..17
- દિવ્યદર્શન - જન્માષ્ટમી ....બ્ર.કુ. નંદિની ..18
- કવિતા - સતયુગ - નવી દુનિયા ....બ્ર.કુ. જૂનાગઢ ..19
- મોહિનીદીદી ....બ્ર.કુ. હેમંત ..20
- ક્રોધ નિયંત્રણ ....બ્ર.કુ. નીતાબેન ..24
- ક્રોધ - યોગીજીવન માટે ભારે અવરોધ ....બ્ર.કુ. ઉર્વી ..28
- કવિતા - તને - આત્મા ....બ્ર.કુ. જૂનાગઢ ..29
- પરમપિતા શિવ પરમાત્માની છત્રછાયા ......બ્ર.કુ. અનંત ..30
- કાવ્યકુંજ - મુક્તક 31
- પ્રસંગ પરિમલ 32
- ઈર્ષ્યા ....બ્ર.કુ. પિનાક ..34
- સદા સુખી બનવા ....બ્ર.કુ. કનુભાઈ ..34

2023ના લવાજમના નવા દર

ભારતમાં

વાર્ષિક લવાજમ	રૂ.	૧૩૦.૦૦
આજીવન સભ્ય	રૂ.	૨,૨૦૦.૦૦
છૂટક નકલ	રૂ.	૧૫.૦૦

વિદેશમાં

એરમેઈલ વાર્ષિક	રૂ.	૧,૬૦૦.૦૦
આજીવન સભ્ય	રૂ.	૧૨,૦૦૦.૦૦

કૃતિઓ તથા સેવા સમાચાર
મોકલવાનું સરનામું
બ્ર.કુ. ડો. કાલિદાસ પ્રજાપતિ
તંત્રી : જ્ઞાનામૃત
જી-૨/૨૨, શિવમ એપાર્ટમેન્ટ,
નવા વાડજ, અમદાવાદ - ૩૮૦ ૦૧૩.
Phone : 99798 99104

મુદ્રક અને પ્રકાશક
ભારતી રણછોડદાસ સોમૈયા

-:- વિશેષ નોંધ -:-

જ્ઞાનામૃતના નવા સભ્યો સમગ્ર વર્ષ દરમિયાન પણ બની શકાય છે. તેમને જાન્યુઆરી થી ડિસેમ્બર સુધીના દરેક મહિનાના અંક મળશે. મેમ્બર બનવા લવાજમ જમા કરાવીને જાણ કરવા વિનંતી. લવાજમ ભરવા માટે ફક્ત આપેલ બેંકના ખાતા નંબર જ વાપરવો. કોઈ પણ મોબાઈલ નંબર ઉપર (Gpay કે Paytm) પેમેન્ટ કરવું નહિ.

જ્ઞાનામૃતના બેંક ખાતાની વિગતો

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય

Account No. : **03290100041261** IFSC Code : **BARB0GITAMA**
Bank Name : **BANK OF BARODA, Geeta Mandir Branch**

પ્રકાશન સ્થળ - ગુજરાત ઝોન મુખ્યાલય

બ્રહ્માકુમારીઝ, સુખશાંતિ ભવન, ભુલાભાઈ પાર્ક રોડ, કાંકરિયા, અમદાવાદ - ૩૮૦ ૦૨૨.
Phone: 079 - 2532 4460

Email : gyanamrit.guj@gmail.com

તંત્રી સ્થાનેથી

ક્રોધ આવવાનાં કારણો અને તેનું નિવારણ

આજે ક્રોધનું મૂળ કારણ છે તનાવ. જ્યાં સુધી ક્રોધ રહેશે ત્યાં સુધી તનાવ અને ચીડિયાપણું રહેશે. તનાવથી બચવા જીવનના રહસ્યને સમજવાની જરૂર છે. આપણા આપણી અંદર ચાલતા વિચારો જ તનાવ, ચીડિયાપણું અને ક્રોધ જન્માવે છે. તનાવ ઉપર નિયંત્રણ નહીં થાય ત્યાં સુધી ક્રોધ ઉપર નિયંત્રણ નહીં થાય. આપણામાં 4 પ્રકારના વિચારો ચાલે છે જે આ પ્રમાણે છે.

સકારાત્મક વિચાર

સકારાત્મક વિચાર માનવના મનમાં પ્રેમ પ્રગટાવે છે. સહયોગની ભાવના શીખવાડે છે જે આપણને આધ્યાત્મિક જ્ઞાનથી પ્રાપ્ત થાય છે. એનાથી આપણે આત્મચિંતન કરીને પરમાત્મા પાસેથી શક્તિ મેળવીને ખુશ ખુશાલ રહી શકીએ છીએ.

આવશ્યક વિચાર

જીવનની જવાબદારી કુશળતાપૂર્વક નિભાવવી. એને ટકાવવા માટે આજે માનવ સકારાત્મક વિચાર અને આધ્યાત્મિક જીવનને ગૌણ બનાવી દે છે. આ પણ તનાવ અને ક્રોધનું કારણ છે.

વ્યર્થ વિચાર

એક બીજાની કમી કમજોરીનું ચિંતન તથા વર્ણન કરીને આત્માની શક્તિને કમજોર બનાવીએ છીએ. જેના કારણ તનાવ અને ક્રોધ ઉપર નિયંત્રણ રહેતું નથી. એટલા માટે યાદ રાખો કે સંસારમાં દરેક આત્માનો પાર્ટ અજોડ છે. લોકો પોતાની સમજણ પ્રમાણે ચાલી રહ્યા છે. કહેવત છે કે 'बनी बनाई बन रही नई कुछ बननी नाही, चिंता ताकि कीजिए जो अनहोनी होय' પોતાના મનને સદા હળવું રાખો. એવું વિચારો કે આપણું ભવિષ્ય સુંદર હશે, એ વિશ્વાસથી ચાલો. પરમાત્મા પર સદા વિશ્વાસ રાખો. તમારા જીવનધ્યેયને એટલું ઊંચુ બનાવી દો જેથી વ્યર્થ વિચાર આવી જ ના શકે. જ્યાં દૃઢતા છે ત્યાં સફળતા છે.

નકારાત્મક વિચાર

આજે ચારે બાજુ સમાજમાં એકબીજાને નીચા દેખાડવા, ગ્લાનિ કરવી, દુઃખ આપવું વગેરે વધી રહ્યાં છે. જેના કારણે ક્રોધની અગ્નિ વધતી જઈ રહી છે. જેનાથી આત્માની મૂળશક્તિ ઘટતી જઈ રહી છે. આપણે ક્રોધથી બચવા માટે નકારાત્મક વિચારોથી દૂર રહેવું જોઈએ. એનાથી મુક્ત થવા પોતે જ પોતાને સમજાવવા પડશે. જ્ઞાન અનુસાર સ્વયંને મારવા પણ પડે છે. એવું વાતાવરણ હોય જેના કારણે ક્રોધ આવ્યો હોય તો બીજી વાર ના આવે તે માટે માફી માગવી જોઈએ. પોતાની ભૂલો સુધારવા માટે પરમાત્માને બધું જણાવો. ભગવાનના ઘેર મોડું થાય છે પણ અંધારું નથી. ભગવાન ટીચર બનીને આપણી પરીક્ષા લે છે કે મારાં બાળકોને મારા ઉપર વિશ્વાસ છે. સંસારનો નિયમ છે કે દરરોજ સફાઈ થતી રહેશે જીવનમાં ઉમંગ ઉત્સાહ રૂપી તાજગી આવતી રહેશે.

ક્રોધ આવવાનાં મુખ્ય કારણો

આપણું સ્વાસ્થ્ય

કોઈપણ બીમારીમાં ગુસ્સો આવી જાય છે એટલે સ્વાદ માટે નહીં પર સ્વાસ્થ્ય સારું રાખવા માટે ખાઓ. લાંબા લાંબા શ્વાસ લઈને એવું

અનુભવો કે પ્રાણવાયુ મસ્તિષ્કમાં જઈ રહ્યો છે. થોડો વ્યાયામ કરો.

અપૂરતી ઊંઘ

દરરોજ 6 થી 7 કલાક સૂઈ જાઓ. રાત્રે અડધો કલાક પહેલાં સૂતી વખતે મોબાઈલ અને ઈન્ટરનેટ બંધ કરો. પરમાત્મા સાથે દિલથી વાતો કરીને સૂઈ જાઓ.

ઈચ્છાઓ / અરમાનો પૂરા થાય નહીં

પરમાત્મા કહે છે કે બાળકો, બીજાઓ પાસે ઈચ્છાઓ ના રાખતાં સ્વયં માટે રાખો. મારે પરમાત્માએ આપેલા જ્ઞાનને જીવનમાં ઉતારવાનું છે. આપણે બીજાઓને સહયોગ આપીએ. પોતાની જવાબદારી નિભાવો. સામેવાળી વ્યક્તિ આપણું કેટલું માનશે એ એના ભાગ્ય ઉપર છોડીને શુભભાવના - શુભકામનાથી પોતાનું કર્તવ્ય નિભાવતા રહો. સાથે સાથે જ્ઞાન ચિંતન કરીને આત્માની બેટરી ચાર્જ કરશો તો ગુસ્સો આવશે નહીં.

શંકા અને અનુમાનના કારણે

એક બીજાની સાથે વિશ્વાસથી ચાલવા માટે સમય પ્રતિ સમય પરસ્પર બેસીને પોતાના વિચારોની લેણદેણ કરો. કોઈના ઉપર કોઈ પણ કામ માટે દબાણ ના કરો.

વેરભાવના હોવી

આપણે સંબંધ સંપર્કમાં આવતાં કોઈને કાનની ભંભેરણી કરીએ તો એક બીજા વચ્ચે અંતર વધી જાય છે. પછી વેર જેમ વધતું જાય તેમ ગુસ્સો પણ વધતો જાય છે. આવી વ્યક્તિઓથી દૂર રહો. પોતાનો બચાવ કરો. શુભભાવના રાખીને એમને માફ કરી દો. પોતાને શાંત રાખો. શાંતિ આપણો અમૂલ્ય ખજાનો છે. પિનાકના શબ્દો છે 'શાંતિ એ સ્વધર્મ આતમ, સાર જો સમજી ગયા. ઝાંઝવાના નીરશા યત્નો બધા ટળી ગયા.'

કોઈની નિંદા કરવાથી

એના માટે બ્રહ્માબાબા કહેતા હતા, 'निंदा हमारी जो करे, मित्र हमारा होय.' તે વ્યક્તિ મારા દોષો બતાવીને વિના મૂલ્યે નિર્વિકારી બનવામાં મદદ કરે છે. એનો આભાર માનો. આપના આ વ્યવહારથી તે આપની સામે નમી જશે. જીવનની સચ્ચાઈ એ છે 'झुकता वही है जिसमें जान होती है, अकडे रहना मुर्दे की पहचान होती है.' આ સર્વ પ્રેક્ટિકલ કરવા માટે ઘણી આંતરિક શક્તિ જોઈએ.

પરિવારમાં ખુશાલી કઈ રીતે લાવીએ?

પરિવારની ખુશાલી માટે ક્યારેક ક્યારેક એકઠા મળીને ભોજન કરો. હસવા, મજાકના પ્રોગ્રામ બનાવો. ખુલ્લા મને હસો. ગીત સંગીત સાંભળવાના શોખીન બનો. ક્યારેક પહાડી ઉપર જઈને યા બગીચા વગેરેમાં જઈને એકલા હસો. પરિવાર સાથે મનોરંજન કરો. એનાથી આપણા બ્રેઈનમાં પોઝીટીવ હોર્મોન્સ જન્મે છે જે આપણને તનાવમુક્ત ક્રોધમુક્ત બનાવવામાં મદદ કરે છે.

॥ ૐ શાંતિ ॥

- બ્ર.કુ. કાલિદાસ

- **સર્વ પ્રાપ્તિઓની નિશાની છે - પ્રસન્નતાની પર્સનાલિટી. જેને સંતુષ્ટતા પણ કહેવાય છે. આવા પ્રસન્નચિત્ત આત્માઓ કદી પ્રશ્નચિત્ત બની શકતાં નથી. અર્થાત્ એમનામાં શું કેમની હલચલ હોતી નથી. જે ખાલી હોય છે, એનામાં હલચલ હોય છે.**

મહત્વાકાંક્ષા

બ્ર.કુ. જગદીશચંદ્ર, દિલ્હી

લગભગ દરેક વ્યક્તિને પોતાની મહત્વની 'ઉચિત' યા 'અનુચિત' આકાંક્ષા હોય છે. તે ઈચ્છે છે કે લોકો એના પણ મહત્ત્વ અથવા મૂલ્યને સમજે અને માને તથા એને પૂછે, એને બધી વાત જણાવે, એની પાસેથી સલાહ લે, એની સાથે આદરપૂર્વક વ્યવહાર કરે, એની વાતને મહત્ત્વ આપવામાં આવે તથા એનું જેવું વ્યક્તિત્વ યા કાર્યકલાપ છે, એ વિષે કંઈક પ્રશંસાના શબ્દો કહે. તે સમજે છે કે એનું પણ મહત્ત્વપૂર્ણ અસ્તિત્વ છે અને લોકો એને કોઈ સ્થાન આપે. કંઈક મહત્ત્વપૂર્ણ કાર્ય યા રોલ આપે એના સ્વમાનને ઠોકર ન પહોંચાડે.

આમ તો કોઈ વ્યક્તિ દેવતાઓની વંદના - અર્ચના કરતાં કહે છે કે - 'હે દેવ, હું તો આપના ચરણોનો દાસ છું' અથવા 'હે દેવ, હું આપના ચરણોની ધૂળથી નીચેની કક્ષાનો છું.' પરંતુ બીજાઓને તો તે પડકાર ફેંકે છે કે - 'તમે મને શું સમજી બેઠા છો? હું કોઈનાથીયે ઉતરતો નથી.'

આમ દરેકમાં સ્વમાનપૂર્વક જીવન જીવવાની ઈચ્છા તો સ્વાભાવિક છે. દરેકની પોતાની આદિમ (Original) અવસ્થા પ્રારંભિક અવસ્થા સ્વર્ણિમ (Golden Age) અથવા ઉચ્ચ રહી છે. તેથી એનામાં એ અવસ્થાની સુષુપ્ત સંસ્મૃતિઓ એને પોતાના ગૌરવ, મહત્ત્વ યા સ્વર્ણિમ અતીતની તરફ કંઈકને કંઈક જગાડતી રહે છે. આ સ્મૃતિઓ એક દ્રષ્ટિકોણથી લાભદાયક પણ છે કારણ કે આધ્યાત્મિક જ્ઞાન પણ આત્માને એની ગૌરવગાથા અથવા એની પ્રારંભિક મહત્વપૂર્ણ સ્થિતિની સુષુપ્ત યાદને જગાડીને જ એના જીવનમાં ફરીથી પરિવર્તન યા શ્રેષ્ઠતાની પ્રક્રિયાને પ્રેરિત કરે છે. પરંતુ જોવાની વાત એ છે કે વર્તમાન સમય તો કોઈ પણ આત્માની તે આદિમ અવસ્થા નથી. તેથી જ્યારે દરેક આત્મા પોતાની સાવ નીચી અવસ્થામાં છે અને એનો અન્ય આત્માઓ સાથે કર્મોનો કડક હિસાબ કિતાબ પણ છે, ત્યારે કેટલાક લોકો તેને મહત્ત્વ આપતા નથી. તો આ ઉપેક્ષા સંભવિત છે.

તેમ છતાં જો આપણી મહત્ત્વકાંક્ષાને ઠોકર એટલા માટે વાગે છે કે લોકો આપણને ઓળખતા નથી અને આપણને માનતા પણ નથી, તો તેમાં કંઈ ખોટું લગાડવાની વાત જ નથી. આજે વિશ્વમાં કરોડો લોકો એવા છે કે જેઓ પરમાત્માને પણ માનતા નથી. ઓળખતા નથી અને પરમાત્મા વિશેની ચર્ચાને મહત્ત્વ આપતા નથી. તો જો લોકો આપણને નથી માનતા તો એમાં આશ્ચર્ય, ચિંતા યા દુ:ખની શું વાત છે? જો લોકો આપણને કંઈ સમજતા નથી તો તેઓ ભગવાનને પણ સમજતા નથી. એમના ન સમજવાને કારણે આપણે શા માટે સમજણ વગરના બનીએ? અને પોતાના મહત્ત્વને પ્રકાશમાં લાવવાની ગડમથલમાં શા માટે સમય વ્યતીત કરીએ?

જો આપણે લોકોને આપણા મહત્ત્વથી પરિચિત કરાવવા યા પોતાના મહત્ત્વથી સ્વયં પ્રભાવિત થઈને બીજાઓને પ્રભાવિત કરવા પોતાની જ વીરગાથા સંભળાવીશું, પોતાનો જ રાગ આલાપવા લાગીશું, આત્મપ્રશંસાના જ સ્વર ઉચ્ચારીશું, તો આપણે આત્મશ્લાઘા-અભિમાનની

બીમારીમાં ફસાઈ જઈશું. શું પોતાની પ્રશંસા પોતે જ કરવી એ સમજદાર લોકોનું કામ છે?

જો આપણે પોતાનું તો ગુણગાન કરતા નથી પરંતુ આપણે જે લોકો આપણા કાર્યની મહત્ત્વની ચર્ચા કરતા નથી એમનાથી નારાજ થઈએ છીએ તો તેનો અર્થ એ થયો કે આપણે જ આપણા મહત્ત્વને સમજતા નથી. શું બીજાઓના વર્ણનમાં જ આપણું મહત્ત્વ સમાયેલું છે? શું ગુલાબ પોતાની પ્રશંસા માટે લોકોને પડકારે છે એમની પ્રશંસાની ભીખ માંગે છે? શું સૌન્દર્ય યા કલાત્મક કૃતિ પોતાની પ્રશંસા માટે બીજાઓને બાધ્ય કરે છે? પણ વાસ્તવિકતા તો એ છે કે જેટલું અધિક સૌન્દર્ય યા ગુણ હોય, એને જોનારા એને જોઈને અચંબામાં પડી મૂક બની જાય છે અને જો તેઓ બોલે છે તો એમ કહે છે કે એના સૌન્દર્ય યા ગુણના વર્ણન માટે શબ્દકોશમાં યા અમારી પાસે કોઈ શબ્દો હોતા નથી. તેથી લોકો આપણા મહત્ત્વને જાણતા નથી અને આપણી પ્રશંસા કરતા નથી એ વાતની ચિંતા હોવી જોઈએ નહીં પણ આપણે મહત્ત્વપૂર્ણ અથવા મહાન કઈ રીતે બનીએ? તે વાતની ચિંતા હોવી જોઈએ. જો આપણે હીરા સમાન ચમકીશું તો જોનારા આપણી ચમકથી પ્રસન્ન થયા વગર નહીં રહે. તેઓ પોતાની મેળે કહેશે કે 'ત્યાં જુઓ, ત્યાં સાચા હીરા છે.' એનો ઝળહળાટ કેટલો સુંદર છે! અથવા, 'ત્યાં જુઓ, સાચા સોનાનો કેટલો સુંદર શ્રૃંગાર છે! ત્યાં તો સૌન્દર્યનું ઝરણું વહી રહ્યું છે.' તેથી મહત્ત્વની આકાંક્ષા રાખ્યા વગર આપણામાં મહત્ત્વનો આવાસ થવો જોઈએ. જેથી લોકોને એનો આભાસ થાય. યાચના (Desiring) નહીં, યોગ્યતા (Deserving) હોવી જોઈએ. આપણે આપણા મહત્ત્વનાં વખાણ કરવાની જરૂર નથી. પણ મહત્ત્વપૂર્ણ ગુણોની ખાણ બનવાની જરૂર છે.

માની લો કે કેટલાક લોકો આપણા મહત્ત્વને જાણે છે અને તેઓ આપણી પ્રશંસા કરે છે. તો શું આપણે પ્રશંસાની જાળમાં કેદ થવા ઈચ્છીએ છીએ? જેમ શિકારી દાણા નાખીને પક્ષીઓઓને આકર્ષિત કરે છે અને એ પ્રલોભનમાં નાંખીને એને માર્યા વગર પકડી લે છે. તો શું આપણે પ્રશંસાના ફંદાને ભોજનનું નિમંત્રણ સમજી ફસાઈ જવા ઈચ્છીએ છીએ? પ્રશંસિત વ્યક્તિ તો પોતાના પ્રશંસકો પ્રત્યે આભારી બને છે તો શું આપણે પણ આભારી બનીને પોતાના ઉપર ભાર વહન કરવા ઈચ્છીએ છીએ? કેટલાક લોકો આ સંસારમાં સાચા મનથી નહીં પણ બનાવટથી પ્રશંસા કરીને મદારી ડુગ ડુગી પર વાંદરું નાચે તે રીતે મનુષ્યને નચાવે છે. તો શું આપણે મદારીના વાંદરાની જેમ નાચવા ઈચ્છીએ છીએ? વાનરખેલ જ મહત્ત્વદર્શન છે?

વળી આપણને જો પ્રશંસાની ઈચ્છા છે તો પહેલાં એનું પાત્ર બનવાની જરૂર છે. દેવી દેવતાઓની પ્રશંસાનાં ભજન ભક્તજન પોતાની મેળે જ ગાય છે. એકે દિવસ નહીં પણ રોજ ગાય છે. સજાવટ તથા ઢોલ-વાજિંત્રોની સાથે ગાય છે. શેરીઓમાં ફરીને દેવતાઓ લોકોને કદી એમ નથી કહેતા કે 'તમે અમારી સ્તુતિનાં ભજન ગાયા કરો.' મંદિરમાં મૂર્તિ તો વરદાનની મુદ્રામાં પ્રસન્નતાથી ઊભી હોય છે તે આગળ આવીને સૂતેલા ભક્તોને એમ નથી કહેતી કે 'પ્રેય ભક્તો, તમે શા માટે સૂતેલા છો. શું તમે અમારા મહત્ત્વને નથી જાણતા?' જો તેઓ જાણતા હોત તો જાગીને ઉચ્ચ સ્વરમાં ગાય કેમ નહીં? જેના મનમાં 'ઈચ્છા'નો અંશમાત્ર પણ ભાવ નથી તેને 'દેવી' યા 'દેવતા'ની પદવી મળે છે. પરંતુ મહત્ત્વની આકાંક્ષા પાછળ તો આકાંક્ષાઓની લાંબી લાઈન હોય છે. આપણે પહેલાં એ જોવું જોઈએ કે આપણે નારદ છીએ કે નારાયણ? જો આપણે નારદ છીએ

તો પ્રશંસાની ખડતાલ વગાડવી પડશે. નહીંતર પહેલાં નારાયણ બનવું પડશે.

'મારું માન હોય, મારી શાન હોય, મારું જ શાસન પ્રશાસન હોય, લોકોમાં મારો જ સિક્કો ચાલે.' આ જે ઈચ્છા છે તે કાચા સૂતરમાંથી બની નથી. તે તો અનેક પાકા દોરાથી બનેલું મજબૂત દોરડું છે જેણે આપણને બાંધી રાખ્યા છે. કેદીની કદી પ્રશંસા થાય છે? માનશાનની માગણી તો ભિખારીપણાની સ્થિતિની સૂચક છે અને ભિખારીની પ્રશંસા કદી થઈ છે? માન અને શાન, અર્થાત પ્રસિદ્ધિ પહેલાં તો સિદ્ધિની આવશ્યકતા છે અને સિદ્ધિ પહેલાં સાધનની જરૂર છે. તેથી પહેલાં જ એ ઈચ્છા રાખીએ કે મારી આરાધના થાય યા પ્રસિદ્ધિ અને પ્રશંસા થાય, તે પાકા ફળને બદલે કાચા ફળ ખાવાની ઈચ્છા અથવા પ્રયત્ન બરાબર છે. પોતાના મહત્ત્વના સિક્કાને ચલાવવાનો પ્રયત્ન કરવો, એના નશામાં બીજાઓ ઉપર રોબ પાડવો, એના ઉપર મોટા ચૌધરી બનીને હકૂમત ચલાવવાની ચેષ્ટા કરવી તે તો સંઘર્ષની સોટી ખાવા બરાબર છે. પોતાની વિરુદ્ધ સૂત્રો પોકારવા લોકોને ઉશ્કેરવા બરાબર છે.

માનીલો કે કંઈક સાધનાના ફલસ્વરૂપે આપણને પ્રશંસા અને પ્રસિદ્ધિની પ્રાપ્તિ થઈ જાય તો પણ આ વિધિથી તો આપણી અત્યારની કમાણી અત્યારે ખર્ચાઈ જશે. આ તો દૈનિક વેતન (Daily wages) પર કામ કરનાર મજૂરી સમાન છે. જેટલું કમાયા તેટલું ખાધું - કોઈ મહત્ત્વપૂર્ણ વ્યક્તિઓની પદ્ધતિ નથી. આ તો હાલની મહેનત કરી હાલ ખાવા બરાબર છે. આવી વ્યક્તિ તો સદા ખાલી હાથે જ રહે છે. આવી વ્યક્તિની પ્રશંસા મેળવવાની ભૂખ કદી મટતી નથી. તે સદા ભૂખ્યો અને કંગાળ બની રહે છે. શું આપણે આવી સ્થિતિ ઈચ્છીએ છીએ?

બીજાઓ દ્વારા મળેલા માનના ટુકડાઓ ઉપર જીવવાને બદલે તો સ્વમાનમાં જ રહેવું જોઈએ. કારણ કે તેમાં જ સ્વાવલંબીપણું છે. જ્યારે બીજાઓ પાસેથી મળેલું દૂધના વાડકા જેવું માન તો પરાધીનતાનું સૂચક છે અથવા તે એક પ્રકારનું કરજ (Loan) છે યા દાન છે. તે નજરાણું ત્યારે જ ગણાય છે જ્યારે આપણામાં ભેટ મેળવવા યોગ્ય ગુણ હોય અને આપણે એવા મહાન બનીશું કે જેથી લોકો આપણને ભેટ આપવાની આકાંક્ષા કરે. ઉંદર પકડવાના પાંજરામાં ઉંદરને લલચાવવા રોટલી, અથાણું વગેરે મૂકવામાં આવે છે. ઉંદર તે ખાવા જાય છે એટલે પાંજરાનું ઢાંકણું બંધ થઈ જાય છે. પછી તે ખોલ્યા વગર ખૂલતું નથી. બીજાઓ પાસેથી માન મેળવવાની ઈચ્છા રાખવી તે ઉંદર પકડવાના પાંજરામાં પ્રવેશવા સમાન છે. જે આ પ્રકારના માનશાનની ચાસણી ચાખી લે છે તે અથવા આવા વિચારોનું અથાણું ખાય છે તે ઉંદર પકડવાના પાંજરાના ઉંદર સમાન છે.

આવકાર્ય તો એ છે કે આપણે સ્વમાનમાં રહીએ. કારણ કે સ્વમાન આપણી મૂડી છે. સ્વમાન રૂપી લક્ષ્મીના પતિ બનવાનો આપણો અધિકાર છે. 'આત્મા સર્વશક્તિમાન પરમાત્માનું સંતાન છે.' - એમ માનવું તે જ સ્વમાનનું સિંહાસન છે. જેના ઉપર બેસવાથી જ 'રાજા વિક્રમાજીત' બની જઈશું. 'અપની ઘોટ તો નશા ચઢે' વાળી ઉક્તિ આ પ્રકારની જ સ્થિતિ માટે સાચા અર્થમાં ચરિતાર્થ થાય છે. જ્યારે આપણે આવા સ્વમાનના સિંહાસન ઉપરથી ઉતરીને ભીખ માંગવાનું વાસણ હાથમાં લઈએ છીએ, તો મસ્તક ઉપરથી જ્ઞાન-યોગનો મુગટ ઉતારીને માનશાનની ભિક્ષા માંગીએ છીએ, તો આપણે પહેલાં સ્વયં જ સ્વયંને આદર અને સત્કારની સ્થિતિથી વંચિત કરીએ છીએ.

કોઈ આપણો અનાદર યા તિરસ્કાર કરે છે તો આપણે માનશાન યા મહત્વની આકાંક્ષા રાખવાને બદલે પહેલાં સ્વમાનના સિંહાસન પર બેસીએ અને પોતાના જ્ઞાન-યોગના તાજ અને આત્મ સ્મૃતિના તિલકને ધારણ કરીએ. ત્યારે લોકો સ્વતઃ જ કહેશે કે 'ખબરદાર, હોંશિયાર.. મહારાજાધિરાજ આવે છે.' તો હવે કોઈના દ્વારા નિંદા સાંભળીને આપણે નિંદકની પાછળ ના પડી જઈએ પણ નિંદાને નિમંત્રણ આપે તેવાં કર્મો છોડી દઈએ. આપણે મહાન બનીશું તો મહત્ત્વ મળશે. મહિમા પોતાની મેળે એની પાછળ પાછળ આવશે. અને વરમાળા એના હાથમાં હશે.

જ્યારે કોઈના ઉપર આપણો પ્રભાવ પડે છે ત્યારે જ આપણી મહિમા થાય છે અને પ્રભાવ સદા ત્રણ બાબતોને લીધે પડે છે. ગુણ કર્મ અને સ્વભાવથી. જો આપણામાં નમ્રતા, મધુરતા, સહનશીલતા, સંતુષ્ટતા, આત્મનિયંત્રણ વગેરે ગુણ હશે અને આપણા કર્મોમાં શ્રેષ્ઠતા, બુદ્ધિમતા કુશળતા વગેરે હશે તથા આપણો સ્વભાવ નિર્મળ, મૃદુ, નિષ્કપટ તથા મિલનસાર અને આત્મીયતાપૂર્ણ હશે તો આપણી શાનની શહનાઈઓ વાગી ઉઠશે. બીજા શબ્દોમાં કહીએ તો ગુણોથી જ વ્યક્તિનું મહત્ત્વ અંકાય છે, આકાંક્ષાથી નહીં. ગુણો બે પ્રકારથી દ્રશ્યમાન થાય છે - કર્મોથી અને સ્વભાવથી. તેથી આપણે કર્મો તથા સ્વભાવને દિવ્યગુણોથી સભર બનાવવાં જોઈએ.

કહેવાયું છે કે માગવું એના કરતાં મરવું ભલું અર્થાત માંગવું યા એની ઈચ્છા રાખ્યા કરતાં આપણે આપણા ખરાબ જીવનમાંથી મુક્ત થવું તે ઘણું સારું છે. અર્થાત્ મરજીવા બનવું જોઈએ. તેનાથી આપણે સદાને માટે ઈચ્છા રૂપી અવિદ્યાથી, આકાંક્ષાઓ ભરેલી રાહ જોવાથી તથા મરવાથી પણ અધિક દુઃખદાયક માંગવાના શરમજનક કર્મથી મુક્ત થઈ જઈશું. 'બનો મહાન કરો કલ્યાણ'ના સૂત્રને પૂર્ણ કરવાથી આપણે નરમાંથી નારાયણ બની જઈશું. સદા મહત્ત્વપૂર્ણ સ્થિતિમાં રહી શકીશું.

મારા કહેવાનો ભાવ એ નથી કે આપણામાં આકાંક્ષા નહીં હોવી જોઈએ. આપણે અપમાનિત અને તિરસ્કૃત જીવન જીવીએ. મારો કહેવાનો ભાવ એ છે કે આપણે સન્માન જાળવવા માંગીએ નહીં. પણ સન્માનને યોગ્ય બનીએ. આપણે શાન પાછળ ન ભાગીએ પણ શાનદાર જીવન જીવીએ. આપણે માગવા માટે હાથ ન લંબાવીએ પણ આપણો હાથ દાતાનો બને. જો લોકો આપણી નિંદા કરે તો એને આપણે સહન કરીએ અને જીવનને સુધારીએ તથા સમજાવીએ અને એ વ્યક્તિ પ્રત્યે ઘૃણા ન કરીએ. એનો અર્થ એ પણ નથી કે કોઈ આપણા ઉપર નિરાધાર આક્ષેપ કરે, આપણને બદનામ કરે, મિથ્યા આળ ચડાવે, આપણને બે કોડીના બનાવી દે ને આપણે એની સામે પૂતળાની માફક ઊભા રહીએ. આપણે મનુષ્ય તો છીએ જ. આપણે ગધેડાની જેમ જીવન નહીં જીવવું જોઈએ. ગધેડું વજન ઉંચકે છે, લાત પણ ખાય છે, તેના કાન પણ આમળવામાં આવે છે, એને મૂર્ખ શિરોમણિની અપમાનજનક પદવી આપી એને મારતા પણ રહે છે. વજન ઊચકનારા ટટ્ટુ બનવું તે તો માણસનું પતન છે. આપણે તો 'પવિત્ર બનો અને યોગી બનો'ની નીતિરીતિ અપનાવીને શાંત અને શીતળ રહીએ યા તો આવા નિર્લજ્જ, ચરિત્રહીન અને સિદ્ધાંત વગરની વ્યક્તિઓને બદલી બતાવીને યા એમના રસ્તાથી આપણે અલગ થઈને એમને એમના ભાગ્ય ઉપર છોડી દેવા જોઈએ અને સ્વયં સ્વમાનનું જીવન જીવવું જોઈએ.

'માન અને શાનની ઈચ્છા' યા 'મહત્વની આકાંક્ષા નહીં રાખવાનો અર્થ એ નથી કે આપણે ઊતરતું કામ કરીએ જેથી કોઈ આપણને પૂછે નહીં અને આપણી કોઈ વિશેષતા લોકો સમક્ષ આવે નહીં. કોઈ પણ કાર્ય દિલ દઈને ઉમંગ ઉત્સાહથી કરવું જોઈએ. જેથી આપણા વ્યક્તિત્વ અને ગુણોનો વિકાસ થાય અને આપણું કરેલું કાર્ય ઉચ્ચ, ઉચ્ચતર યા ઉચ્ચતમ કક્ષાનું હોય અને લોકો જો એ કર્મની શ્રેષ્ઠતાને જોઈને એની પ્રશંસા કરે છે તો એનાથી આપણને ખુશીનો અનુભવ થાય તે પણ સ્વભાવિક છે કે આપણી સેવાનો સ્વીકાર થયો અથવા સેવા પસંદ પડી છે. પરંતુ માનશાનની ઈચ્છા અથવા આકાંક્ષાથી મુક્ત રહેવાનો ભાવ એ છે કે કાર્ય કરતી વખતે માનશાન જ આપણું લક્ષ્ય યા પ્રેરણાનું કારણ નહીં હોવું જોઈએ. પણ કર્તવ્યપરાયણ, સદ્‌ગુણોનો વિકાસ અને સેવા તથા લોકકલ્યામની આપણી કાર્યવાહીને પ્રેરક હોવું જોઈએ. માનશાનની જો ઈચ્છા હશે તો એકવાર ન મળતાં વ્યક્તિ બીજી વખત એ કાર્ય કરવાની ના પાડી દેશે. વ્યસ્તતા, અસ્વસ્થતા, અસમર્થતા વગેરેનું બહાનું બતાવીને પોતાનું ભાગ્ય બનાવવાથી વંચિત બની જશે. તથા સહયોગ અને સેવા છોડીને અસંતુષ્ટતા, નારાજગી અને અણબનાવના મંદ અગ્નિમાં ભુટ્ટાની જેમ ભુંજાઈ જશે.

માનશાનની ઈચ્છા તો દ્રવ્યપાન અથવા દુર્વ્યસન જેવી છે. જેને એકવાર આદત પડી જાય છે, તે તેનાથી છૂટી શકતો નથી. જ્યારે તે માનશાન મેળવે છે તો હિટલરના નશામાં રહે છે અને જ્યારે તેને માનશાનનો ખોરાક મળતો નથી ત્યારે તે અધમૂઆી કીડી જેવો બની જાય છે અને બીજાઓ માટે પરેશાની બની જાય છે. આ આકાંક્ષા તો એડ્ઝની બીમારી જેવી છે જેનાથી વ્યક્તિ ધોવાઈ ધોવાઈને દિવસે દિવસે આધ્યાત્મિક દ્રષ્ટિથી નિર્બળ થતી જાય છે. જેમ એડ્ઝ પીડિત વ્યક્તિને લગાવેલી ઈન્જેક્શનની સોચ બીજાઓને લગાડવાથી તેમને પણ રોગી બનાવી દે છે તે રીતે ઈચ્છા અથવા આકાંક્ષાવાળી વ્યક્તિ બીજાઓને વાતો કરીને કરીને આ ખતરનાક રોગમાં પરિવર્તિત કરી દે છે.

ખરેખર તો સંસારમાં ફૂટફાટ પડવાનું અને એકતા તોડવાનું નિમિત્ત કારણ રાજકારણીઓ અને દેશ યા ધર્મના કર્ણધારોની માનશાનની ઈચ્છા છે. આ ઈચ્છાથી જ ઈર્ષ્યા દ્વેષ, સ્વાર્થ ઈત્યાદિ જન્મે છે. આ ઈચ્છા પોતાના વરિષ્ઠ જનો પ્રત્યે અનાદર અને અવજ્ઞા જન્માવે છે અને સહયોગીઓ, સહાયકો તથા સહાનુભૂતિકારોને છોડીને સ્વયં માનની માળા મેળવવાનું કુત્સિત કર્મ શીખવાડે છે. માનશાનની વિસ્ફોટકારી ઈચ્છા કરતાં ગુપ્ત રહેવાનો આનંદ કરોડ ગણો સારો છે.

॥ ઓમશાંતિ ॥

(પેજ નં. 16નું અનુસંધાન)... **ક્રોધ ઉપર વિજય**

રાખીએ કે સૃષ્ટિ એક નાટકશાળા છે અને દરેક આત્મા પરમધામથી જ પોતાનો નક્કી થયેલો પાર્ટ ભજવી રહ્યો છે. એ બિચારાનો શો દોષ? કારણ કે એને જે પાર્ટ મળ્યો છે તે તેને ભજવવાનો છે. જો એને ક્રોધનો પાર્ટ મળ્યો છે તો ક્રોધનો ભજવવાનો છે. આ પ્રકારે પાર્ટધારીને આ રીતે જોવાથી આપણે સદૈવ શાંત અને પ્રસન્ન રહીશું. આ આત્માને મેં અચૂક પૂર્વજન્મમાં દુઃખી કર્યો હશે, એટલે તે કર્મોનો હિસાબકિતાબ મારે ખુશીથી ચુક્તુ કરવાનો છે. તો એમ વિચારીએ કે મારો હિસાબ કિતાબ ચુક્તુ થઈ રહ્યો છે.

॥ ઓમશાંતિ ॥

ક્રોધ ઉપર સંપૂર્ણ વિજય

બ્ર.કુ. ભારતભૂષણ, પાણીપત

સ્વયં પરમપિતા પરમાત્માએ પોતાનાં ઈશ્વરીય સંતાનોને - બ્રહ્માવત્સોને ક્રોધ વિકારને અંશ સહિત ભસ્મ કરી દેવાની પ્રતિજ્ઞા લેવડાવી છે. પરમાત્માને આપેલો વાયદો પાળવા માટે ચાલો, આપણે સારી રીતે વિચાર કરીએ કે ક્યાં કારણોથી ક્રોધ આવે છે અને એ કારણોનું નિવારણ શું છે? અથવા કયું ઈશ્વરીય મહાવાક્ય સ્મૃતિમાં રાખીએ તો ગમે તેવી ક્રોધ જન્માવનારી પરિસ્થિતિમાં વિજયી બની શકીએ. ગહન વિચારોને અંતે નીચેનાં મુખ્ય 15 કારણોને લીધે ક્રોધ આવે છે તે જાણવા મળ્યું છે. એની સાથે જ એના નિવારણનું પણ વર્ણન કર્યું છે જેને સ્મૃતિમાં રાખવાથી આપણે ક્રોધ ઉપર વિજયી બની શકીએ છીએ.

અન્યાય

જ્યારે ક્યારેક આપણી સાથે અન્યાય અથવા ભેદભાવનો વ્યવહાર થાય છે ત્યારે ક્રોધાગ્નિ ભડકી ઉઠે છે. લૌકિક દુનિયામાં સંપત્તિના વિભાજન વખતે થોડો પણ ભેદભાવ થવાથી ક્રોધાગ્નિ પ્રગટી ઉઠવાનાં અનેકાનેક ઉદાહરણ છે. કોઈપણ સંસ્થામાં યોગ્યતાવાળી વ્યક્તિને યોગ્ય સ્થાન ન આપવાને કારણે તથા અયોગ્યને આગળ રાખવાતી, પક્ષપાત રાખવાથી ક્રોધાગ્નિ જન્મે છે.

નિવારણ

હંમેશા એ સ્મૃતિમાં રાખીએ કે ‘આ સૃષ્ટિ ન્યાયનું મંદિર છે, ભગવાનનું ઘર છે.’ હું શ્રેષ્ઠ કર્મોનો પુરુષાર્થ કરતો રહું. જો સારાં કર્મ કરવા છતાં પણ જો ખરાબ પરિણામ મળે છે તો એમ સમજવું કે આ જન્મના અથવા અન્ય કોઈ પૂર્વજન્મોના પાપ કર્મોનું ફળ છે. આમ છતાં જો હું સતત હિંમત અને સાહસ રાખીને શ્રેષ્ઠ કર્મ કરતો રહીશ, તો એક દિવસ અવશ્ય શ્રેષ્ઠ પરિણામ સામે આવશે.

અપમાન

ઘરોમાં, કાર્યાલયોમાં, સંગઠનોમાં, સંસ્થાઓમાં અને અન્ય ઘણાં બધાં સ્થાનોમાં લગભગ એવું જોવા મળે છે કે જ્યારે ક્યાંય કોઈનું અપમાન થાય છે તો તે બદલા લેવાની ભાવનાથી ભરપૂર બની જાય છે. અમૂલ્ય સમય, ધન, સંપત્તિ સર્વ વેડફવા માટે તૈયાર થઈ જાય છે.

નિવારણ

જો ક્યારેક કોઈના દ્વારા આપણી ભૂલનો એકરાર કરાવવામાં આવે છે તો આપણે એકવાર સ્વનિરીક્ષણ જરૂર કરીએ. જો નિરીક્ષણ કરતાં આપણને આપણામાં જરા પણ એ ભૂલનો અંશ જોવા મળે તો આપણે તેનો સ્વીકાર કરી લેવો જોઈએ અને પોતાની ભૂલ બદલ ક્ષમા માંગવી જોઈએ તથા આપણને ભૂલનો એકરાર કરાવનાર આત્માનો મન અને મુખથી આભાર માનવો જોઈએ. કારણ કે મારી ભવિષ્યમાં ભૂલ ના થાય, તે માટે તેણે મને સાવધ કરી દીધો. પરંતુ જો કોઈનો વારંવાર નિંદા કરવાનો તથા કોઈપણ કારણ વગર અપમાન કરવાનો સ્વભાવ હોય તો આપણે ઘણા પ્રસન્ન રહેવું જોઈએ અને એમ વિચારવું જોઈએ કે મારી સહનશક્તિ વધારવા માટે ભગવાને એ આત્માને નિમિત્ત બનાવ્યો છે. પ્રશંસામાં તો દરેક વ્યક્તિ પ્રસન્ન રહી શકે છે, પરંતુ શક્તિશાળી તો તે છે જે અપમાનજનક પરિસ્થિતિઓમાં પણ પ્રસન્ન રહે.

ક્રોધથી ક્રોધ

લગભગ એવું જોવા મલે છે કે અચાનક કોઈ વ્યક્તિ જો આવીને ક્રોધ કરે તો આપ પણ અચાનક જ ક્રોધિત થઈ જશો અને ક્રોધથી ક્રોધ જન્મે છે અને છેવટે બંને પશ્ચાતાપ કરે છે. પણ તેનાથી વિકર્મનું ખાતું તો બની જ જાય છે.

નિવારણ

આવા સમયે તેનાથી દૂર થઈ જવું જોઈએ. નહીંતર એને આપને જોઈને ગુસ્સો વધારે આવશે. ક્રોધી ક્રોધ કર્યા પછી પશ્ચાતાપ અવશ્ય કરે છે. કારણ કે એના દિવ્યગુણોના બધા ખજાના લૂંટાઈ ગયા હોય છે. પછી કેટલાક સમય યા દિન પછી જ્યારે તે પ્રસન્ન મુદ્રામાં હોય તો એની સાથે પ્રેમથી લેણદેણ કરીને ગેર સમજણ દૂર કરવી જોઈએ.

જો આપણે રહેમભાવ ધારણ કરીએ તો પણ આવી પરિસ્થિતિમાં વિજયી બની શકીએ છીએ. એમ વિચારીએ કે તે આત્મા પરવશ છે, ક્રોધના કારણે એ બિચારાની કેવી દુર્ગતિ થઈ રહી છે. પરમાત્માને પ્રાર્થના કરીએ કે પરમ પિતા પરમાત્મા, એ આત્માને શક્તિ આપો. આવા વિચાર કરવાથી આપણે વિજયી બની શકીશું.

દગો-કપટ, છેતરપીંડી અને અસત્યતા

જ્યારે પણ કોઈ વ્યક્તિ આપણી સામે બિલકુલ જૂઠ્ઠું બોલી રહી હોય, અથવા કોઈ આપણો વિશ્વાસપાત્ર જ આપણી આંખોમાં ધૂળ નાંખે અથવા કોઈ આપણી સાથે છળકપટનો વ્યવહાર કરી રહ્યો હોય, તો સત્યતા સમજાતાં એના પ્રત્યે ક્રોધ જન્મે છે. એને મેં પોતાનો સમજ્યો, એનું ભલું કર્યું અને એણે મને દગો કર્યો, આ તો કપટી નીકળ્યો. આવા વિચારો આવે છે જે મનમાં અગ્નિની માફક સળગ્યા કરે છે. અથવા સાચી વાતનો ખ્યાલ આવી જતાં બિલકુલ જૂઠ્ઠું બોલનાર પ્રત્યે એકદમ ગુસ્સો આવી જાય છે. અને કહી દે છે - ‘જૂઠ્ઠુ, સત્યતા તો આ છે. તું મને મૂર્ખ બનાવે છે?’

નિવારણ

સદા એક સ્લોગન સ્મૃતિમાં રાખીએ કે ‘અંત ભલે કા ભલા, અંત બુરે કા બુરા.’ મેં જે કંઈ પણ ભલું કર્યું છે એનું પરિણામ તો મને અવશ્ય સારું જ મળવાનું છે. જેનું મેં સારું કર્યું તેના બદલે તેણે મારું ખરાબ કર્યું કે દગો કર્યો અથવા છળકપટ કર્યું તો વિધાતાના વિધાન અનુસાર જૂઠ્ઠું બોલનારી વ્યક્તિ ઉપર ક્રોધ ના કરતાં પ્રેમથી, આદરથી એને સત્ય વાત સમજાવીને મનથી માફ કરી દેવા જોઈએ. એના પ્રત્યે નફરત નહીં કરવી જોઈએ. તો તે પણ સદાને માટે બદલાઈ જશે.

પ્રતિકૂળ પરિસ્થિતિ

જ્યાં સુધી પરિસ્થિતિઓ આપણી અનુકૂળ હોય છે ત્યાં સુધી આપણે ખુશ રહીએ છીએ. જો પરિસ્થિતિ પ્રતિકૂળ બની જાય તો આપણને પરિસ્થિતિ ઉપર પણ ગુસ્સો આવી જાય છે. મોટે ભાગે જોવા મળે છે કે જો કોઈ ટ્રેઈન ત્રણ ચાર કલાક મોડી આવે છે તો સ્ટેશન ઉપર ઊભેલા લોકો ગાડીની ટીકા કરે છે કે આ કેવી નકામી ગાડી છે. ગાડીમાં ચઢ્યા પછી વધારે ભીડ હોવાને લીધે સારી બેઠક ન મળે અથવા રસ્તામાં પણ ગાડી મોડી પડે તો સૌને પોતાના સ્થળે પહોંચ્યા પછી પણ યાદ રહેશે કે આ તો નકામી ગાડી હતી. તેમાં ગાડીનો તો કંઈ વાંક નથી, તે તો નિર્જીવ છે. ડ્રાઈવરનો પણ તેમાં વાંક નથી. તેને તો જેમ જેમ સિગ્નલ મળે તેમ તે ગાડી ચલાવે છે. આ રીતે દરરોજ આપણી દિનચર્યામાં એવી અનેક પરિસ્થિતિઓ જે પ્રતિકૂળ બને છે, ત્યાં ગુસ્સો આવે છે.

જ્યારે કોઈ નુકસાન કરે છે

દરેક વ્યક્તિના જીવનમાં સમયે સમયે લાભ અને હાનિ તો થયા જ કરે છે. ફાયદાની પરિસ્થિતિમાં દરેકને સ્વાભાવિક ખુશી પ્રાપ્ત થાય છે જ અને નુકસાનની પરિસ્થિતિમાં સ્વાભાવિક રીતે દરેકને દુઃખ થાય છે. મોટે ભાગે જે આ નુકસાન માટે નિમિત્ત બને છે એના ઉપર ગુસ્સો આવે છે. વ્યવસાયમાં જો કોઈ નોકર યા ભાગીદાર ભૂલને કારણે મોટું નુકસાન થાય છે તો આપણે તેની સાથે મોટો ઝગડો કરીશું અને સદાને માટે પોતાનો સંબંધ બગાડીશું. આ રીતે અન્ય જે કોઈ આપણા નુકસાન માટે નિમિત્ત બને છે તો આપણે ગુસ્સો આવે છે.

નિવારણ

એ માટે સદૈવ આપણે યાદ રાખીએ - 'આપણે શું સાથે લઈને આવ્યા હતા અને શું સાથે લઈ જઈશું?' આ સ્લોગન આપણે બીજાઓને મોટેભાગે સંભળાવીએ છીએ પરંતુ કોઈપણ નુકસાનજનક પરિસ્થિતિમાં જો એના સ્વરૂપ બનીને આપણે વિચાર કરીએ કે 'ખરેખર, જ્યારે હું પરમધામથી આવ્યો હતો તો પોતાની સાથે કેટલાં ધન-સંપત્તિ, જમીન-જાયદાદ અને સગા-સંબંધીઓને લાવ્યો હતો. અને હવે આ શરીરને હું આત્મા છોડી દઉં તો કેટલાં ધન-સંપત્તિ, જમીન-જાયદાદ અને સગાં-સંબંધી સાથે લઈ જઈશ?' કશું સાથે લાવ્યા નથી અને કશું સાથે લઈ જવાનાં નથી. જે કંઈ લીધું તે આ જગતમાંથી લીધું અને જે કંઈ ગયું તે આ જગતમાં ગયું. તો પછી નુકસાન શાનું? જો મારું કંઈ હતું જ નહીં, તો નુકસાન શાનું? આ તો થોડી સંપત્તિ અને સગાં સંબંધીનું જ નુકસાન થયું. એક દિવસ આ જે શરીર છે જેના દ્વારા હું કર્મક્ષેત્ર પર પાર્ટ ભજવું છું, તે પણ નષ્ટ થઈ જવાનું છે. 'ખાલી હાથે આવ્યા હતા, ખાલી હાથે પાછા

નિવારણ

સદૈવ એ સ્મૃતિમાં રાખીએ કે 'ભગવાન મારી પરીક્ષા લઈ રહ્યા છે.' અનુકૂળ પરિસ્થિતિઓમાં તો સૌ શાંત રહે છે, પરંતુ પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ જો હું શાંત અને આનંદી રહ્યો તો હું સંપૂર્ણ પાસ. જો થોડો પણ પરેશાન થઈ ગયો અને ગુસ્સામાં બોલી દીધું કે બેચેન બની ગયો તો ભગવાન પોતાના રજિસ્ટરમાં આપણને નાપાસ બનાવશે. સદા એવું વિચારીએ કે આ પરિસ્થિતિ સ્વયં નથી આવી પરંતુ પરમાત્માએ મારી પરીક્ષા લેવા માટે મોકલી છે. જો આ દૃષ્ટિકોણ હશે, તો આપણે ક્રોધમુક્ત બનીશું.

જ્યારે આપણી સલાહ માનવામાં આવતી નથી

જ્યારે ક્યારેક પોતાના સંપર્ક-સંબંધ-વાળાઓને કોઈ કાર્ય માટે આપણે પોતાની સલાહ આપીએ છીએ, એ સલાહની એકદમ અવગણના કરવામાં આવે અથવા અસ્વીકાર કરવામાં આવે અને આપણી સાથે મોટેભાગે આવો જ વ્યવહાર થાય તો, આવા વ્યવહાર પર ક્રોધ આવવાની સંભાવના રહે છે કે અમારી તો કંઈ કિંમત જ નથી.

નિવારણ

આવી પરિસ્થિતિમાં આપણે 'માલિક અને બાળકપણા'ના બેલેન્સવાળા ઈશ્વરીય મહાવાક્યને સ્મૃતિમાં રાખીએ. અર્થાત્ માલિક બનીને આપણે સન્માનપૂર્વક સલાહ જરૂર આપીએ, પરંતુ સલાહનો અસ્વીકાર થતાં આપણે બાળક બની જઈએ. બાળક મોટાઓ સમક્ષ પોતાને સમર્પિત કરી દે છે અને મોટાઓ ચલાવે છે તેમ ચાલે છે. આ રીતે જ પોતાને નાના બાળક સમજવું જોઈએ.

જવાનું છે.' તો આ પ્રકારની સ્મૃતિથી આપણે ક્રોધમુક્ત બની શકીશું.

સ્વભાવ - સંસ્કારોની ટક્કર

કેટલીક વ્યક્તિઓનો પૂર્વ જન્મોમાં કે આ જન્મોના કર્મોનો મજબૂત હિસાબકિતાબ હોય છે જેથી એક બીજાને જોતાં જ યા સ્મૃતિ થતાં જ ડીસ્ટર્બ થઈ થાય છે. આવી કોઈ વ્યક્તિ સાથે આપણા જીવનનો સંબંધ જોડાયો છે અને દરરોજ કોઈને કોઈ વાતને લીધે આપણી પાછળ પડી જાય છે તો આપણને મનમાં ને મનમાં તેના પ્રત્યે ક્રોધની અગ્નિ પ્રગટે છે. ક્યારેક આમાં અતિ થાય છે તો વ્યક્તિ કંટાળીને આપઘાત કરવા પણ તૈયાર થાય છે. આવા સમાચાર દૈનિક પત્રોમાં લગભગ દરરોજ જોવા મળે છે.

નિવારણ

આપણે એ સ્મૃતિમાં રાખીએ કે આ આત્માને મેં અચૂક પૂર્વજન્મમાં દુ:ખી કર્યો હશે, એટલે તે કર્મોનો હિસાબકિતાબ મારે ખુશીથી ચુક્તુ કરવાનો છે. તો એમ વિચારીએ કે મારો હિસાબ કિતાબ ચુક્તુ થઈ રહ્યો છે. જો આપણે એનાથી જરા પણ મૂંઝાઈ જઈએ અથવા એના ખરાબ વ્યવહારથી કંટાળી જઈને ક્રોધિત થઈ જઈએ તો એ નિશ્ચિત છે કે આપણે આપણા કર્મોનો બોજ વધારી રહ્યા છીએ. અને સદા શાંત રહીને આપણે આપણું ખરાબ કરનારનું પણ ભલું કરીએ તો જરૂર એક દિવસ એના સ્નેહને પાત્ર બનીશું.

બંધન

જ્યારે પણ કોઈ વ્યક્તિ આપણા માર્ગમાં અડચણરૂપ બને છે અથવા લક્ષ્ય પ્રાપ્તિમાં વિઘ્નરૂપ બને છે તો ત્યાં ક્રોધ જન્મે છે અને આપણે વિચારવા લાગીએ છીએ કે પહેલાં આ અડચણ નાખનાર સાથે હિસાબ પતાવી લઉં એના પછી જ લક્ષ્ય પ્રાપ્તિ સારી થશે. ઘણીવાર આપણે આવી વ્યક્તિઓ સાથે એટલો સંઘર્ષ કરી બેસીએ છીએ કે લક્ષ્યપ્રાપ્તિ તો બાજુમાં જ રહી જાય છે. એટલે જ કહેવાયું છે. 'આએ થે હરિ ભજન કો, ઓટન લગે કપાસ.'

નિવારણ

આવી પરિસ્થિતિમાં સદા એ સ્મૃતિમાં રાખીએ કે બંધનને બંધન જ કાપે છે. જો આપણે પોતાની જાતને પરમપિતા પરમાત્માની સ્મૃતિના બંધનમાં નિરંતર બાંધી દઈશું તો સર્વ બંધન કપાઈ જશે. એમ પણ કહી શકીએ કે એ બંધન આપની ઉન્નતિનો આધાર બની જશે. આપણે ગમે તેટલા ફસાયેલા હોઈશું છતાં પણ પોતાને શ્રેષ્ઠ કર્મો યા ઈશ્વરીય સેવાના બંધનમાં બાંધતા જઈશું તો આપણું આ શ્રેષ્ઠ બંધન બીજાં બંધનોને એની મેળે જ કાપી નાંખશે.

ઈર્ષ્યા

ઈર્ષ્યા ક્રોધની મા છે. જો કોઈને આપણા પ્રત્યે ઈર્ષ્યા હશે તો તે કોઈને કોઈ આપણી વાત યા ભૂલ શોધીને આપણા ઉપર પ્રહાર કરશે યા આપણને નીચા બતાવવાની કોશિશ કરો. આ રીતે કોઈ નાનાને આપણાથી આગળ જતાં જોઈને ઈર્ષ્યા થાય છે અને સમય મળતાં જ એને પાડવાની યા નીચા બતાડવાની કોશિશમાં ક્રોધયુક્ત વ્યવહાર થઈ જાય છે.

નિવારણ

આવી પરિસ્થિતિ વિજયી બનવા માટે સદા પોતાને નાના યા સેવક સમજીએ અને બીજાઓને પૂરું સન્માન આપીને પોતાનાથી મોટો સિદ્ધ કરીએ, સ્વયં નાના બની જઈએ તો ઈર્ષ્યા સમાપ્ત થઈ જશે. કહેવા ખાતર કહી શકીએ કે અમે સરકારી નોકર છીએ અથવા ઈશ્વરીય સેવક

છીએ પણ આપણે પોતાને સેવક યા નોકર સમજીને ચાલતા નથી. આ રીતે કોઈ આપણાથી નાનું હોય અને આગળ વધી જાય તો આગળ વધવાનો આધાર એનો ત્યાગ મારા ત્યાગ કરતાં વધારે છે, ગુણોમાં એ મારાથી મોટા છે એ સત્યતાનો એકરાર કરીએ અને એને નાના ન સમજતાં એને મોટા સમજીશું તો સદૈવ ઈર્ષ્યામુક્તથી ક્રોધમુક્ત થઈ જઈશું.

ઈચ્છાઓ પૂરી ના થવી

કોઈ પણ પ્રકારની ઈચ્છા ન સંતોષતાં તરત જ ક્રોધ આવે છે. જો આપણા હાથ નીચેના કર્મચારી આપણી ઈચ્છા અનુસાર કામ ન કરે, તો સ્વાભાવિક રીતે એમના ઉપર ક્રોધ આવે છે. એ રીતે ઘરની વડીલ વ્યક્તિની ઈચ્છાનુસાર એમનાં સંતાનો ન ચાલે, તો સંતાનો ઉપર એને ક્રોધ આવે છે યા બાળકોની ઈચ્છા અનુસાર માતાપિતા વ્યવહાર ના કરે તો તો બાળકોને પણ મોટાઓ ઉપર ક્રોધ આવે છે. આ રીતે નામ અને માનની પણ સૂક્ષ્મ ઈચ્છા દરેક માનવને હોય છે. જો વધારે યોગ્યતા હોવા છતાં પણ સન્માન ઓછું મળે અથવા આપવામાં જ ના આવે, તો માન મેળવવાની ઈચ્છા ના સંતોષાતાં પણ ક્રોધ જન્મે છે.

નિવારણ

આવા સમયે ક્રોધમુક્ત બનવા માટે આપણામાં અનુકૂલન શક્તિ જોઈએ. દરેક વ્યક્તિ મારી જ ઈચ્છા અનુસાર ચાલે તેવું માનવું જોઈએ નહીં પરંતુ જેને જે માનવું હોય તે માને, કે મનાવડાવે એવું અનુકૂલન સાધવું જોઈએ. અર્થાત્ આપણે બીજાઓની ઈચ્છાઓનું પણ સન્માન કરીએ અને કેટલીક હદ સુધી આપણે તેમની ઈચ્છાનુસાર ચાલીએ. તો સન્માન આપવાથી સ્વાભાવિક રીતે સન્માન મળશે. પરિણામ સ્વરૂપ તેઓ પણ આપની ઈચ્છાનુસાર કાર્ય કરશે. એ રીતે યોગ્યતા હોવા છતાં પણ માન ઓછું મળતાં કોઈ વ્યક્તિ પાસેથી માન મેળવવાની ઈચ્છા રાખવી તે તો ભીખ માંગવા સમાન છે. આપણે સદા એ યાદ રાખવું જોઈએ કે આપણે ઈશ્વર દાતાનાં બાળકો છીએ, માંગનાર નહીં. મારે સર્વને માન આપવાનું છે પણ લેવાની ઈચ્છા રાખવાની નથી. આપનાર સદા મોટો હોય છે. તો આ સ્મૃતિમાં રહેવાથી આપણે એવી પરિસ્થિતમાં સદા વિજયી બનીશું.

અહંકાર

અહંકાર અને ક્રોધ ભાઈ ભાઈ છે. જે વ્યક્તિ અહંકારી હશે તે ક્રોધી પણ અવશ્ય હશે. અહંકાર કેટલાયે પ્રકારના છે. કોઈને પોતાની બુદ્ધિનું અભિમાન, કોઈને પોતાના ધનનું અભિમાન, કોઈને પોતાની સત્તાનું અભિમાન, કોઈને પોતાના પદનો અહંકાર, તો કોઈને પોતાના ઉચ્ચ શિક્ષણનો અહંકાર. અહંકારનો અર્થ છે અહમ્ + કાર અર્થાત્ હું કરી રહ્યો છું. તેમાં મારા પણું બહુ હશે. જેમ કે 'તું મને જાણતો નથી કે હું કોણ છું હું એને જોઈ લઈશ. મેં તને શું કહ્યું હતું, હું સીધો કરી દઈશ.' અહંકારી વ્યક્તિ દરેક વાત રોબ અને આવેશથી કરશે કે જે ક્રોધનું જ રૂપ છે.

નિવારણ

હું અને મારાને તું અને તારામાં બદલી દઈએ. મારી ધનસંપત્તિ નહીં પરંતુ તારી અર્થાત્ પરમાત્માની છે. મારી સત્તા યા મારું પદ નહીં, પરંતુ પ્રભુએ આપેલી સત્તા અને પદ સમજીએ. હું તો કેવળ નિમિત્ત માત્ર છું. મેં આ કાર્ય કર્યું, એને બદલે એ વિચારીએ 'તમે કરન-કરાવનહાર પરમાત્મા છો, એટલે કે પ્રભુ, તમે જ આ કર્યું અથવા મારા દ્વારા કરાવડાવ્યું.' તો અભિમાન કઈ વાતનું? આ પ્રકારે અહંકાર દૂર થતાં જ ક્રોધ પણ દૂર થઈ જશે.

લાંબા સમયનું શારીરિક કષ્ટ

જો કોઈ શારીરિક વ્યાધિ ઘણા લાંબા સમય સુધી ચાલે અને કોઈને પથારીમાં વર્ષ સુધી સૂઈ રહેવું પડે તો આવા લાંબા શારીરિક કષ્ટને લીધે પણ વ્યક્તિનો સ્વભાવ ચીડિયો બની જાય છે. તે વાત વાતમાં ગુસ્સો કરે છે. ક્યારેક તો તે પોતાના ભાગ્યનો વાંક કાઢે છે કે મારું જ એવું ભાગ્ય છે કે હું કંઈ કરી શકતો નથી. તો વળી ક્યારેક ભાગ્યવિધાતાને દોષિત ગણે છે કે તું મને આ વ્યાધિથી કેમ છોડાવતો નથી?

નિવારણ

આવી પરિસ્થિતિમાં સદૈવ એ સ્મૃતિમાં રાખીએ કે આશાઓ પર જ આ સૃષ્ટિ ટકેલી છે. કહેવાય છે કે 'જ્યાં સુધી આશા છે, ત્યાં સુધી શ્વાસ છે.' ધીરજનું ફળ સદા મીઠું હોય છે. ધૈર્યતા ધારણ કરીને સદા હિંમતવાન બનીએ એ નિશ્ચય રાખીએ કે 'પ્રભુએ આ થોડો સમય મને સમર્થ સંકલ્પો માટે યા પ્રભુ ચિંતન, શ્રેષ્ઠ ચિંતન માટે આપ્યો છે. જો મેં આ સમયનો સદુપયોગ કર્યો તો જરૂર થોડા સમયમાં જ હું વ્યાધિ મુક્ત બનીને સફળ જીવન વ્યતીત કરીશ. આ રીતે ધૈર્યતા અને સાહસના ગુણો અપનાવવાથી આપણે ચીડિયાપણામાંથી મુક્તિ મેળવી શકીશું.

બાળકો ઉપર ક્રોધ

મોટે ભાગે ઘર ગૃહસ્થવાળા લોકો પોતાની જ ફરિયાદ કરતા જોવા મળે છે કે શું કરીએ, બાળકો બહુ હેરાન રહે છે. ગુસ્સો ના કરીએ, તો માથે ચઢી જાય. તેથી બાળકો જ્યારે કોઈ તોફાન કરે છે તો મુખથી તો ક્રોધ કરીએ જ છીએ. હાથ ઉપાડવાનું પણ ચૂકતા નથી. ક્યારેક એને સારી રીતે મારીએ છીએ અને પાપ કર્મોનું ખાતું વધારીને પાપીઓની સૂચિમાં પહોંચી જઈએ છીએ.

નિવારણ

બાળકો ઉપર ગુસ્સો ના કરીએ તો તે માથા ઉપર ચઢી જાય તેવું માનવું ભૂલભરેલું છે. વર્ષોથી કેટલાંયે માતાપિતા બાળકો ઉપર ક્રોધ કરતાં રહે છે અને મારે પણ છે છતાં બાળકો વધારે જિદ્દી બની જાય છે. આપણે એ વિચારવું જોઈએ કે આપણે બાળકોને જેવી તાલીમ આપીશું તેવાં બનશે. અર્થાત્ જ્યારે આપણે વૃદ્ધ થઈ જઈશું, લાચાર બનીશું અને તેઓ મોટાં થશે ત્યારે તેઓ પણ આપણા ઉપર વાતવાતમાં ગુસ્સો કરશે. કારણ કે આખું જીવન આપણે એમને એ શીખવાડ્યું છે. તેના બદલે બાળકો ગમે તેટલી ભૂલો કરે તેમ છતાં આપણે પ્રેમ અને શાંતિની શક્તિથી એમને સુધારવાનું શિક્ષણ આપીશું તો બાળકો પણ તેવો જ વ્યવહાર કરશે. સદા યાદ રાખીએ કે બાળકોનું કામ ભૂલો કરવાનું છે. મોટાંઓનું કામ ક્ષમા કરવાનું છે. તેથી તો કહેવાય છે કે, 'ક્ષમા બડન કો હોત હૈ, છોટન કો ઉત્પાત'

આ રીતે આવી સ્મૃતિઓ રાખવાથી આપણે ક્રોધ ઉપર કાબૂ મેળવી શકીએ છીએ.

દોષારોપણ યા આરોપ

જ્યારે કોઈ ચરિત્રવાન વ્યક્તિ ઉપર ખોટું દોષાદોપણ કરવામાં આવે ત્યારે આવી પરિસ્થિતિમાં ક્રોધ ઉપર નિયંત્રણ રાખવાનું અસંભવ લાગે છે. ક્રોધાગ્નિ ખોટા દોષારોપણોને લીધે એટલું ઉગ્રરૂપ લઈ લે છે કે વ્યક્તિ વધુ જીવન જીવવું વ્યર્થ સમજે છે. એટલા માટે દોષારોપણ કરનારની હસ્તી મિટાવવા તે તૈયાર થઈ જાય છે. કેટલાંક ઘરોની સ્ત્રીઓ-પુત્રીઓ ખોટી બદનામી સહન ના થતાં મોતને વહાલું કરે છે.

નિવારણ

આવી પરિસ્થિતિમાં આપણે એ સ્મરણમાં

(અનુસંધાન પેજ નં. 10 પર)

પ્રભુને પત્ર

બ્ર.કુ. ઉમેશ, ઉમરગામ

મારા અતિ પ્રિય બાબા, મારો ભક્તિમાર્ગ સમાપ્ત થયો અને મને તમે મળ્યા. બાબા, હું તમારા ભક્તોને જોઉં છું. એમને તમારી ભક્તિ કરતાં જોઉં છું ત્યારે મને ખૂબ અચરજ થાય છે. કેવું સ્વરૂપ બનાવ્યું છે ભક્તોએ તમારું! તમારી સાથે નંદી. જેને ખૂબ પવિત્ર માનવામાં આવે છે. લોકો જેની પૂજા કરે છે એ ગાય તમારી સાથે નહીં, પણ નંદી તમારી સાથે. એનું કારણ એ જ કે તમારું વિશ્વ - પરિવર્તનનું કાર્ય કરવા માટે તમે પ્રજાપિતા બ્રહ્માને જ માધ્યમ બનાવ્યા ને. શિવભક્તો શંકરને જ શિવ માને છે. એમણે શંકરના આખા શરીરે ભભૂતિ લગાવી છે. એ પણ અચરજ પમાડે એવું રૂપ. વળી, ગળામાં સર્પ. શરીરે વ્યાઘ્રચર્મ. ટૂંકમાં એક અઘોરી જેવું રૂપ તમારું પ્રચલિત છે. સમુદ્રમંથન દરમિયાન 14 રત્નોમાં એક હળાહળ વિષ પણ નીકળ્યું, જેને તમે સ્વીકાર્યું અને ગ્રહણ કર્યું. બાબા, સાચે જ તમે બ્રહ્માબાબા બંનેએ દુનિયાભરનું ઝેર પીધું જ છે ને. કેટકેટલાં અપમાનો સહન કર્યા છે. કોઈ જાતની પ્રશંસાની અપેક્ષા વિના માનવ-ઉદ્ધારનું કાર્ય કર્યું છે અને માનવે તમને કેવા ચીતર્યા છે.

બાબા, વર્તમાન સમયે તમે જે ગીતાજ્ઞાન આપી રહ્યા છો તે દુનિયાનું સર્વશ્રેષ્ઠ જ્ઞાન છે. દુનિયાના અનેક મહાનુભાવોએ, વિદ્વાનોએ ગીતા ગ્રંથને શ્રેષ્ઠ ફિલસૂફીવાળો ગ્રંથ ગણાવ્યો છે. ગીતા પ્રેસ, ગોરખપુર કેટલાં વર્ષોથી ગીતા અને અન્ય આધ્યાત્મિક પુસ્તકો પ્રકાશિત કરતું રહ્યું છે. એક અંદાજ અનુસાર ગીતા પ્રેસે લગભગ 93 કરોડ પુસ્તકો છાપ્યાં છે. એમાં મોટું સ્થાન ગીતા ગ્રંથનું છે. ગીતા પ્રેસ, ગોરખપુર વિશ્વભરમાં પ્રસિદ્ધ છે અને લોકોના દિલમાં સન્માનીય સ્થાન ધરાવે છે. બાબા, મારા દિલમાં પ્રશ્ન થાય છે કે ગીતા પ્રેસ, ગોરખપુર જેવું સન્માન ધરાવે છે. એવું સન્માન સાચી ગીતા પ્રકાશિત કરતી સંસ્થાને ક્યારે મળશે? એ દિવસ કેટલો દૂર છે? એ દિવસ આવશે જરૂર જ્યારે સાચી ગીતા અને એને પ્રકાશિત કરતી સંસ્થાને સૌ ઓળખશે અને એનું નામ ચોમેર ગૂંજશે. મારું દિલ એ દિવસ જોવા માટે તડપી રહ્યું છે. આતુર બની રહ્યું છે. બાબા, ત્યાર પછીના દિવસો મહાવિનાશના હશે. તમારો, તમારી ગીતાનો, તમારા જ્ઞાનનો, તમારા કર્તવ્યનો જયજયકાર... એ મારું સ્વપ્ન છે. એ સ્વપ્ન જલદીથી સાકાર થવાની મહેચ્છા પણ છે. એ જયજયકાર પછી, કે સમાંતરે ભયંકર હાહાકાર પણ શરૂ થશે. થોડો સમય એ લીલા ચાલશે અને પછી બધું શમી જશે અને એક નૂતન સૂર્યોદય આ ધરા પર થશે. એ નવી સ્વર્ણિમ દુનિયાની કલ્પના માત્રથી હું રોમાંચિત થઈ જાઉં છું. આજનાં લોકો માટે તો એ દુનિયા મોહ પમાડનારી હશે પરંતુ એ દુનિયાના રહેવાસીઓ તો નિ:સ્પૃહ ભાવે એ દુનિયાને માણતા હશે. કેટલું અદ્‌ભુત સ્વર્ગનાં અણમોલ સુખ-સમંદરમાં ડૂબેલા હોવા છતાં એ સમંદરના પાણીથી બિલકુલ પણ ભીંજાયેલા નહીં એકદમ વૈરાગી. સાવ અનાસક્ત. ખૂબ જ આદર્શ જીવન હશે એ.

ઓ કે બાબા, આજે મેં ભક્તિમાર્ગથી લઈને દુનિયા સમક્ષ તમારી પ્રત્યક્ષતા અને સ્વર્ગ સુધીની સહેલ કરી લીધી.. તમારી સાથે જ તો.. હવે હું મારી કલમને વિરામ આપું..

॥ ઓમશાંતિ ॥

દિવ્યદર્શન

શ્રીકૃષ્ણ જન્માષ્ટમી ઉત્સવ

બ્ર.કુ. નંદિની, સુખશાંતિ ભવન, મણિનગર, અમદાવાદ.

ભારતવર્ષના સર્વ દેવોમાં લોકપ્રિય શ્રીકૃષ્ણનો જન્મોત્સવને જન્માષ્ટમીના મહાન પર્વ તરીકે સમગ્ર ભારત દેશમાં ખૂબ જ ધામધૂમથી મનાવવામાં આવે છે. પ્રતિ વર્ષે શ્રાવણ વદ આઠમનો દિવસ શ્રીકૃષ્ણના જન્મજયંતીના રૂપમાં જન્માષ્ટમી રૂપમાં ઉજવાય છે. આ દિવસે જપ, તપ, વ્રત, ઉપવાસ, જાગરણ, પૂજન વિધિ કરી જુદી જુદી પ્રકારે કૃષ્ણના ભક્તો શ્રીકૃષ્ણનો જન્મોત્સવનું આયોજન કરે છે. આજથી ૫૦૦૦ વર્ષ પહેલા શ્રીકૃષ્ણનું ભારતની સૃષ્ટિ પર દિવ્ય જન્મ થઈ ગયો. યુગપરિવર્તનની વિધિમાં મહાન પરિવર્તન પછી તરત જ સ્વર્ણિમ યુગ અને તેના પણ સૌપ્રથમ રાજકુમાર શ્રીકૃષ્ણનું પુનરાગમન હવે ખૂબ જ નજીકના ભવિષ્યમાં અવશ્ય થશે જ.

શ્રીકૃષ્ણ નામ એ ગુણવાચક શબ્દ છે. શ્રીકૃષ્ણ એટલે કે એમ કહી શકાય કે શ્રી+કૃષ્ણ. શ્રીનો અર્થ-શ્રેષ્ઠ અને કૃષ્ણનો અર્થ-આકર્ષણમૂર્ત. શ્રીકૃષ્ણ એટલે કે આકર્ષણ કરનાર શ્રેષ્ઠ ઉચ્ચ દેવતા. શ્રીકૃષ્ણ સૌ કોઈના બાળકોથી માંડી વયોવૃદ્ધ સુધી સૌના ખૂબ જ પ્રિય દેવ છે. શ્રીકૃષ્ણની સુંદરતા ખૂબ તેમજ તેમના દેહના એક એક અંગો પણ મધુરતાવાળા હતાં. માટે જ વલ્લભાચાર્ય સંપ્રદાયના વૈષ્ણવજનો રોજ મધુરાષ્ટક ગાય છે. શ્રીકૃષ્ણના પિતાનું નામ વાસુદેવ હતું. વાસુનો અર્થ થાય છે, પૃથ્વી ઉપર દેવોને જન્મ આપનાર. શ્રીકૃષ્ણનો જન્મ પણ યોગના બળે થયો હતો. માટે ભક્તિમાં તેમને યોગેશ્વરના નામે પણ ઓળખાય છે. શ્રીકૃષ્ણ કોઈ પરમાત્મા નથી. પરમાત્મા= પરમ+આત્મા. એટલે કે પરમાત્મા નિરાકાર શિવ છે. જેઓ સ્વયંભૂ છે, જન્મ-મરણના ચક્રમાં આવતા નથી. પરંતુ શ્રીકૃષ્ણ પુનર્જન્મના ચક્રમાં આવનાર ૩૩ કરોડ દેવી-દેવતાઓમાં પણ સર્વ શ્રેષ્ઠ દેવતાઓમાં પણ સર્વશ્રેષ્ઠ છે. જેઓને પરમાત્માના બાદ એટલે કે નેક્સ્ટ ટુ ગોડ શ્રેષ્ઠ હસ્તી તરીકે ઓળખવામાં આવે છે. શિવ નિરાકાર છે, જ્યારે કૃષ્ણ સાકાર છે. સંપૂર્ણ દેવી ગુણોવાળા મનુષ્યમાં શ્રીકૃષ્ણ સર્વ શ્રેષ્ઠ આત્મા હતા, માટે જ તેમને પુરુષોત્તમ પણ કહેવામાં આવે છે.

પરમાત્મા શિવ અને શ્રીકૃષ્ણની મહિમા

પરમાત્મા અને શ્રીકૃષ્ણનો મહિમા બંને જુદા જુદા છે. નિરાકાર પરમાત્માનું નામ શિવ છે. શિવ એટલે કે કલ્યાણકારી. ભગવાન એટલે સૌ કોઈનું ભાગ્ય ઘડનાર ભાગ્યવિધાતા. પ્રભુ એટલે કે જેઓ ભુ અર્થાત પૃથ્વીથી પણ ઉપર છે તેને જ પ્રભુ કહેવાય. પ્રભુ પરમધામના નિવાસી છે, જ્ઞાનના સાગર, પ્રેમના સાગર, આનંદના સાગર, જ્યોતિબિંદુ સ્વરૂપ, ગુણોના સાગર, સર્વશક્તિવાન, બ્રહ્મા-વિષ્ણુ-શંકર ત્રિમૂર્તિના રચયિતા શિવ છે. શ્રાવણના પવિત્ર મહિનાના અધિષ્ઠાતા છે માટે જ શ્રાવણમાં શિવની ભક્તિ પણ ખૂબ થાય છે. જન્માષ્ટમીનો પવિત્ર તહેવાર પણ શ્રાવણના મહિનામાં જ આવે છે. શ્રીકૃષ્ણને સર્વોત્તમ આત્મા બનાવનાર પરમાત્મા શિવ છે. જ્યારે શિવ તો રચયિતા છે અને શ્રીકૃષ્ણ એ તો શિવની સુંદર રચના છે. શ્રીકૃષ્ણ ૮૪ જન્મોના ચક્રમાં આવે છે. જ્યારે શિવ તો જન્મ કે મૃત્યુના ચક્રથી ઉપરામ છે તેઓ કોઈ ચક્રમાં આવતા જ

નથી. શિવ તો ભવભવના ફેરામાંથી છોડાવે છે. શિવ જીવનમુક્તિ દાતા, સ્વર્ણિમ સૃષ્ટિના રચયિતા છે. જ્યારે શ્રીકૃષ્ણ સતયુગના પ્રથમ રાજકુમાર છે.

શ્રીકૃષ્ણના મુખ્ય લક્ષણો - સોળે કળા સંપૂર્ણ, સર્વગુણ સંપન્ન, સંપૂર્ણ નિર્વિકારી, મર્યાદા પુરુષોત્તમ, ડબલ અહિંસક, અહિંસા પરમોધર્મ.

આ મહિમા શ્રીકૃષ્ણની આંખે ઉડીને વળગે તેવી મહાન છે. શ્રીકૃષ્ણ પૂર્ણિમાના ચંદ્રની જેમ સર્વાંગ સંપૂર્ણ સોળે કળા સંપૂર્ણ પવિત્ર હતા. હર્ષિતમુખતા, પવિત્રતા, મધુરતા, નીડરતા વિગેરે સર્વગુણોમાં સંપન્ન હતા. સંપૂર્ણ પવિત્ર હોવાથી તેમના મુગટમાં મોરનું પીછું યાદગાર સ્વરૂપે મૂકવામાં આવે છે. ભારતનું રાષ્ટ્રીય પક્ષી મોર છે, બધાં પક્ષીઓમાં તે પવિત્ર પક્ષી છે, તેથી જ ભક્તિમાં તેમને મોહન મુરલીધર પણ કહેવાયા છે. મોહનનો અર્થ છે.. મો+હન એટલે કે મોહને નષ્ટ કરનાર, નષ્ટમોહા, મોહજીત આત્મા. શ્રીકૃષ્ણ મનમોહન એટલે બન્યા કે, તેમણે બધાં વ્યક્તિઓ પાસેથી કે વૈભવોમાંથી મોહને દૂર કર્યો. મુરલી એ પણ મધુર અવાજનું જ પ્રતીક છે. શ્રીકૃષ્ણ સુરીલો કંઠ ધરાવનાર મિતભાષી, મધુર સ્વભાવ વાળા, મધુરભાષી હતા. તેમણે પાંચ ફણીધર કાળી નાગનું મર્દન કરેલું એટલે કે કાળીનાગના ઝેર જેવા બળવાળા પાંચ વિકાર - કામ, ક્રોધ, લોભ, મોહ અને અહંકાર ઉપર પણ વિજય મેળવનાર દિવ્ય પુરુષ હતા. રાગી રહેવા છતાં વૈરાગી. ન્યારા-પ્યારા હતા. તેમની અલૌકિક રાસલીલા ખૂબ જ પ્રચલિત છે. બધાં સાથે સંસ્કારોનો રાસ મેળવી સુમેળતાથી જીવનાર તથા બધાને પ્રેમરસનું પાન કરાવનાર સર્વશ્રેષ્ઠ કર્મયોગી હતા. જો આપણને શ્રીકૃષ્ણ માટે અનહદ પ્રેમભાવ હોય તો આપણે અત્યારે ફક્ત શ્રીકૃષ્ણનું ગાયન, મહિમા કે પૂજન કરીને સંતોષ ન માની લઈએ. પરંતુ શ્રીકૃષ્ણના જેવા મહિમા યોગ્ય બનવા માટે પાક્કો સંકલ્પ કરી, તે દિશામાં દ્રઢ પુરુષાર્થ કરીએ. અહી સાર એ છે કે, આ વર્ષે જન્માષ્ટમી મહોત્સવ ઉજવતા પહેલા, સૌ પ્રથમ સ્વયંના જીવનમાં ઉપરોક્ત મુદ્દાઓને સાકાર કરીએ આ છે યથાર્થ શ્રીકૃષ્ણ જન્મોત્સવની ઉજવણી.

॥ ઓમશાંતિ ॥

સતયુગ - નવી દુનિયા

બ્ર.કુ. જૂનાગઢ

જીગર કેરી ખીણમાં મન નામે ગામ,
વિચાર કરતો ખંતથી પાંડવ પાંચો નામ.
મંજીલ થકી પાસે હતી દુનિયા એક વિશાળ,
ભોંય બધી ભગરી અને રૂડી અધિક રસાળ.

નવયુગ છે નવ ગુણનું, કરતા દેવતા વાસ,
રોપી તેમાં મધુરતા, વધ્યો રૂડો વાઢ,
સતયુગનાં એ કાન્હાનું, મુખ દીઠું છે માંડ,
મીઠી ઉંમર દોઢસોની, માતા લડાવે લાડ,

ત્રેતા પૂરો થતાં પાક્યો પૂરો અડધો કલ્પ,
વાઘ, સિંહ, ગાય તણી રહેતી વગડે રાગ,
સુરજ સમી જીવડી, જીવતા સૌ શાન-માન,
રસ મીઠાની રસતાલ, ઉગતા રાણી-રાજ.

હિંડોળે બેસાડવા પાંચે પાંડવ કરે વિચાર,
ઝાડનાં જંગલ ને મંગલ ખાલ તૈયાર,
સુખનાં સાથી સર્વ, તો બીજા બાકી શું કામ,
સાધનાં ભેળું સ્વરૂપ દેવનું, સૌની ઠાઠ માઠ,
મહારાણી જોતી રહી, મહેર શિવ સાજનની,
સોના-ચાંદીની વેળા ગઈ વહી,
સતયુગ શરૂઆતની.

॥ ઓમશાંતિ ॥

મધુબનનો શ્રૃંગાર - મોહિનીદીદી

બ્ર.કુ. હેમંતભાઈ, શાંતિવન



નવયુગની સ્થાપના માટે શિવપિતાએ બ્રહ્મા તનમાં અવતરીત થઈ રુદ્ર ગીતા જ્ઞાન યજ્ઞની સ્થાપના કરી. જે મહાયજ્ઞમાં સેવાના નવા નવા કીર્તિમાન સર્જનારા મહારથીઓની કમી નથી! એવી ઈશ્વરીય સેવામાં અનુપમ યોગદાન આપીને યજ્ઞના ઈતિહાસમાં અમીટ સ્થાન મેળવનાર સફળતાના સિતારાઓમાં એક અવિસ્મરણીય અગ્રણી નામ છે, 'મોહિનીદીદી જી!'. જેઓ દાદી પ્રકાશમણિજી જેવા પારસમણિના સંગથી સુવર્ણ સમાન નીખરતાં ગયા. કલા-ગુણોથી સજીધજીને મધુબનના અનેક વિભાગોનું કુશળતાપૂર્વક સંચાલન કરતા રહ્યા. બ્રહ્માબાબા દ્વારા આપેલા નાના એવા છોડને એક વિશાળ વટવૃક્ષ બનાવવા માટે પ્રકાશમણિદાદીને પૂરો સાથ આપ્યો, એટલું જ નહીં, પણ દાદીજીનાં સેવાસાથી બની યજ્ઞના સાર સંભાળમાં મહત્વની ભૂમિકા ભજવી, પરમાત્માએ આપેલી વિશેષતાઓને કાર્યમાં લગાવીને સેવાઓને ગતિ આપી, તેઓ હંમેશા સેવા જગતમાં ચૈતન્ય ચાંદની બની ચમકતા રહ્યા.

મોહિનીદીદીનો લૌકિક જન્મ લખનૌમાં ભક્તિભાવ સંપન્ન ધાર્મિક પરિવારમાં થયો હતો. યજ્ઞના શરૂઆતના દિવસોમાં સેવા માટે નીકળેલી બ્રહ્માકુમારી બહેનો કહ્યા કરતી કે 'સાત દિવસમાં ભગવાનના દર્શન કરી લો.' આ સાંભળીને મોહિનીદીદીના મનમાં જિજ્ઞાસા જાગી અને તેઓ આશ્રમમાં પહોંચ્યા. તેઓને એમ હતું કે આશ્રમમાં કોઈ સન્યાસી મહાત્મા હશે, પરંતુ તેનું સ્વાગત શ્વેત વસ્ત્રધારી બહેને કર્યું અને પૂછ્યું, 'તમારે કેમ આવવાનું થયું?' તો દીદીએ કહ્યુ, 'બોર્ડ પર લખેલું છે કે સાત દિવસમાં ભગવાનના દર્શન થશે.' બહેને પૂછ્યું, 'તમે ગીતા વાંચી છે?' તો તેમણે કહ્યું, 'મેં ન તો ગીતા વાંચી છે, ન રામાયણ, હું તો શાળામાં ભણું છું.' ત્યારે બહેને કહ્યું, 'તમારા ઘરમાં કોઈ ભક્તિ કરે છે?' તો તેમણે કહ્યુ, 'પિતા શિવજીની, માતા અંબાની અને દાદી રાધા-કૃષ્ણની ભક્તિ કરે છે, અમારા ઘરમાં આટલા બધાની ભક્તિ કરે છે, પણ ભગવાન કોણ છે?' આ સાંભળી બહેન હસીને બોલ્યા, 'કંઈ વાંધો નહીં, તમને અહીં ભગવાન મળી જશે.' તેઓ તેના પરિવારના સભ્યો સાથે અરવિંદ આશ્રમમાં જતા હતાં, ત્યાં તેઓ બંધ આંખે યોગ કરતા. એ જ રીતે, અહીં પણ તેઓ આંખો બંધ કરીને બેસી ગયા. નિમિત્ત બહેને આંખો ખોલીને બેસવા કહ્યું. બહેન જેમ કહેતી તેમ તેઓ મનમાં કહેતા. તેમને લાગ્યું કે કોઈ તેને ખેંચી રહ્યું છે, પરંતુ આજુબાજુ જોયું તો કંઈ દેખાયું નહીં. પછી તેઓ મનમાં કહેવા લાગ્યા 'હું આત્મા છું...' અને ધ્યાનમાં ખોવાઈ ગયા. સામેથી માં અંબા આવ્યા અને કહ્યુ, 'અહી આવો, હું તમને લેવા આવી છું'. તેમણે કહ્યુ, 'મારે નથી આવવું.' ત્યારે ફરિશ્તા રૂપમાં એક વયોવૃદ્ધ વ્યક્તિએ આવીને કહ્યુ, 'દીકરી, હું તને લેવા આવ્યો છું.' ધ્યાનમાંથી પાછા ફર્યા બાદ માતેશ્વરી અને બ્રહ્માબાબાની તસવીર જોઈને તેમને આશ્ચર્ય થયું અને તેમણે બહેનને પૂછ્યું, 'આ કોણ છે?' બહેને કહ્યુ, 'આ અમારા મમ્મા બાબા છે' તો તેમણે કહ્યુ, 'તેમને તો મેં ઉપર (ધ્યાનમાં) જોયા.' ઘરે આવીને માતાને કહ્યુ તો માતાએ કહ્યુ, 'ત્યાં ન

જવું, ત્યાં જાદુ કરે છે.' માંને 'હા' કહીને તેઓ સૂઈ ગયા. સવારે ચાર વાગ્યે કોઈ ખાટલો હલાવીને કહેવા લાગ્યું, 'ચાલો, હું તમને લેવા આવ્યો છું', તો કહ્યું, 'મારે નથી મરવું (નથી આવવું).' આમ રોજ તેમને કોઈ આવવાનું કહેતાં. છેવટે ત્રણ દિવસ પછી તેઓ સેન્ટરમાં ગયા અને સાપ્તાહિક કોર્સ કર્યો. આ રીતે ૧૨ વર્ષની ઉંમરે મોહિની-દીદીને સાક્ષાત્કારથી સન ૧૯૫૩માં જ્ઞાન માર્ગે પદાર્પણ થયું.

એક દિવસ બહેને કહ્યું, 'આબુમાં ભગવાન આવ્યા છે, તેની શરણ લો તો સ્વર્ગના માલિક બની જશો.' આ વાત તેના હૃદયમાં બેસી ગઈ. બહેનો કહેતી કે જલ્દી વિનાશ થશે, તો દીદીને લાગ્યું કે વિનાશ પહેલા ભગવાનને મળી લેવું જોઈએ. તે સમયે તેઓ મેટ્રિક (દસમું) ભણી રહ્યાં હતા. આબુ જવા માટે તેમણે પિતાજીને પૂછ્યું, તેઓએ કહ્યું, 'પહેલાં ભણવાનું પૂરું કરો પછી જજો.' પણ દીદીએ તો સફેદ કપડાં તૈયાર કરી લીધા હતા. તેમના લૌકિક બનેવી જ્ઞાનમાં ચાલતા હતા, તેમને કહ્યું, 'તમે મધુબન આઓ તો મને પણ રજા મળશે.' પરંતુ તેઓ ન આવ્યા તો દીદી એકલા જ નીકળી પડ્યા. નીકળ્યા તો હતા ખુશી-ખુશીથી પણ જ્યારે ટ્રેન શરૂ થઈ ત્યારે રડવા લાગ્યા કારણ કે માતા-પિતાને છોડીને એકલા જઈ રહ્યાં હતાં. આગળ દિલ્હીથી કેટલીક બહેનો પણ તેમની સાથે આવી. તે સમયે અંબાજીમાં મેળો ચાલતો હતો, બધી બસો ત્યાં જતી હતી. આખરે આઠ વાગ્યે આબુ માટે બસ મળી અને તે કોટા હાઉસમાં પહોંચી અને તેમનું મધુબન પહોંચવાનું સપનું સાકાર થયું. આ જ હતું તે મીઠાં, હોલી હંસોનું તપોવન મધુબન... શ્વેત વસ્ત્રધારી બહેનો અને ભાઈઓના તપસ્વી ચહેરાઓનાં મધુર સ્મિતે તેમનું સ્વાગત કર્યું, પરંતુ તેમની આંખો તો મધુબનરૂપી સુંદર ડબ્બીમાં છુપાયેલા 'કોહિનૂર હીરા' (બાબા)ને શોધી રહી હતી. એ સમય પણ આવી ગયો, જ્યારે બાબા સાથે મધુર મુલાકાત થઈ, ત્યારે તેઓ બાબાને એકીટશે જોતાં જ રહી ગયા. શ્વેત વસ્ત્રધારી, ઉંચુ કદ, વિશાળ લલાટ, અસાધારણ અને આકર્ષક વ્યક્તિત્વ. જેમના ચહેરા પર પ્રકાશની આભા પ્રસરી રહી હતી, આંખોથી વાત્સલ્ય, પ્રેમ, શક્તિ, દયા બધું એકસાથે છલકાઈ રહ્યું હતું, હોઠો પર મધુર સ્મિત રેલાવતાં બાપદાદાને તેઓ સમ્મુખ જોઈ રહ્યા હતાં. દીદીને લાગ્યું કે જાણે બાબાએ તેમની તમામ શક્તિઓને વશમાં કરી લીધી છે, તેમનાં મન-બુદ્ધિ બિલકુલ શાંત થઈ ગયા અને તેઓ હંમેશ માટે બાબાનાં બની ગયા.

મોહિનીદીદીએ લખનૌમાં જ પોતાનો લૌકિક અભ્યાસ પૂર્ણ કરી સન ૧૯૫૯માં સર્વસ્વ સમર્પિત કર્યું. બાળપણથી જ દીદીને આધ્યાત્મિક જ્ઞાનનાં મનન-ચિંતન અને ઈશ્વરીય સેવામાં ઉમંગ-ઉત્સાહ હતો. દીદીજી સાકાર પિતાશ્રી બ્રહ્માબાબાના સમયે જ ઈશ્વરીય સેવામાં નીકળ્યા હતા. ઉત્તર પ્રદેશથી નીકળેલી આ જ્ઞાન ગંગાએ પંજાબની ભૂમિને પણ આધ્યાત્મિક જ્ઞાન અને રાજયોગનાં શિક્ષણથી સિંચિત કરી. મુખ્યાલય આબુ પર્વતની આસપાસ સિરોહી, જાલોર, પાલી, ભીનમાલ વગેરે જેવા સેવાકેન્દ્રોની સ્થાપનામાં નિમિત્ત બની રાજસ્થાનની સેવાઓને આગળ વધારી. રાજયોગિની આત્મઈન્દ્રાદાદીજી (ગંગેદાદી) અવ્યક્ત થયા પછી ઉત્તર પ્રદેશ ઝોનના પ્રભારી બની સેવાઓનું સંચાલન કર્યું. ગ્રામ વિકાસ વિભાગના અધ્યક્ષ બનીને, તેઓએ ગ્રામીણ ભારતની સેવા કરવાનું બીડું ઝડપ્યું. જે પહેલાં ક્યારેય ન થયા હોય એવા સેવાના નવા આયામો સ્થાપ્યા. યોગિક ખેતીનો નવો પ્રોજેક્ટ પણ તેમની

પ્રેરણાઓથી જ ખૂબ પ્રસર્યો. રાજયોગના અભ્યાસથી ઉજ્જડ જમીનને ફળદ્રુપ વસુંધરા બનાવનાર આ પ્રોજેક્ટ સફળતાના શિખરોને સ્પર્શતો રહ્યો. આપે રાજનૈતિક પ્રભાગના ઉપાધ્યક્ષ તરીકે પણ સેવાઓ આપી, મુખ્યાલય તથા દેશ-વિદેશનાં સંમેલનો અને પરિસંવાદોમાં બહોળા પ્રમાણમાં ભાગ લીધો.

બાળપણથી જ પિતાશ્રી બ્રહ્માબાબા, માતેશ્વરીજી અને દીદી-દાદીઓનું સ્નેહ સાનિધ્ય મેળવનાર મોહિનીદીદી પદમાપદમ ભાગ્યશાળી પ્રભુરત્ન હતા. પિતાશ્રી બ્રહ્માબાબા તેમને પ્રેમથી 'દેવકન્યા' કહેતા હતાં. તેના પ્રસન્ન ચહેરા પર હંસી-ખુશીની પાંખડીઓ હંમેશા ખીલતી રહેતી. દીદીજીને મળવા આવનાર આગંતુક મહેમાન હોય, મધુબન નિવાસી હોય કે સેવાસ્થાનથી આવતા બ્રહ્મવત્સ હોય, તેઓ દરેકને સહજતાથી મળીને બધાંની ઝોળી ખુશીઓથી ભરી દેતાં. તેમની વાત સાંભળીને હળવા થઈને જતાં, જો કોઈ વ્યક્તિ કોઈ વાતથી ભારે થઈને, પોતાની સમસ્યાનું નિરાકરણ લાવવા આવે, તો તેઓ તેના મનની વાત ખૂબ ધીરજથી સાંભળતાં, વાત સમજતાં અને સાંત્વના આપીને હલકા કરતા, શક્ય તેટલું સ્નેહ સહયોગથી સંતુષ્ટ કરી દેતાં. દીદીની આ વિશેષતાનાં હરકોઈ પ્રશંસક બની જતાં અને તેમને મળવા માટે આતુર રહેતાં. દીદીજી વિકટ પરિસ્થિતિઓનો નિર્ભયતાથી સામનો કરતા અને હિંમતનાં પગલાં ભરી અશક્યને શક્ય બનાવતા. સત્યતાની શક્તિ તેમની રગેરગમાં હતી. કોઈપણ મુશ્કેલ પરિસ્થિતિને પણ બાબાની યાદમાં તે સરળતાથી પાર કરી લેતાં હતા. દીદીજી યજ્ઞને નિર્વિઘ્ન ચલાવવામાં હંમેશા દાદીજીને સાથ આપતા રહ્યાં.

'જેવું નામ તેવું કામ' ને અનુરૂપ 'મોહિની' નામને સાર્થક કરતા દીદીજીની બાળસહજ મનભાવન શૈલી, રમણીક અંદાજ અને ખુશ-મિજાજીપણું સૌના મનને મોહી લેતાં. શ્રીકૃષ્ણ જન્માષ્ટમીના તહેવાર પર તેઓ ધ્યાનમાં જતાં અને બાલકૃષ્ણની બાળસહજ સંસ્કારોને સરળતાથી પ્રગટ કરતાં. શરીર સ્થૂળ હોવા છતાં પણ નાના બાળકની જેમ સજાવેલા રૂપથી તેઓ શ્રીકૃષ્ણની બાળલીલાઓને સાકાર કરતાં તો બધાને પોતાની તરફ આકર્ષિત કરી દેતાં. તેમના હાવભાવમાં નટખટ નંદલાલાનાં દર્શન થવા લાગતાં. જન્માષ્ટમીનો ઉત્સવ ખરેખર આનંદનો ઉત્સવ બની જતો અને સતયુગી દુનિયાના સાક્ષાત્કાર થઈ જતાં. તેઓ એક સંદેશ પુત્રી (ટ્રાન્સ મેસેન્જર) પણ હતાં, વતનથી બાપદાદાનો સંદેશ લાવીને સંભળાવતા તથા ગહન રહસ્યોને સ્પષ્ટ કરીને પુરુષાર્થને તીવ્ર બનાવવાની પ્રેરણા આપતાં. તેઓ કોમેન્ટ્રી દ્વારા યોગ અનુભૂતિ કરાવીને રાજયોગનું મહત્વ સિદ્ધ કરતાં.

જ્યારે તેઓ દાદીજી સાથે વિદેશ સેવામાંથી પરત ફરતા ત્યારે અમે મધુબન નિવાસીઓ સાથે મળીને વિવિધ દ્રશ્યોની ઝાંખીઓ સજાવીને ભાવભીનું સ્વાગત કરતાં તો તેઓ પણ અમારા વખાણ કરતા. તે કળાના જાણકાર હોવાની સાથે સાથે કળા પ્રેમી પણ હતાં. સાચા હૃદયથી કરેલી સેવાથી દીદીજી ખૂબ જ ખુશ થતા. સેવાધારીઓને સ્નેહ અને સહયોગના રૂપમાં પુરસ્કાર પણ આપતા. મોહિનીદીદીજી સમયાંતરે યજ્ઞવત્સોનું ધ્યાન રાખતા તેમને નવા નવા સ્થળોની મુલાકાત પણ કરાવતા જેથી યજ્ઞ સેવામાં સમર્પિત કુમાર કુમારીઓ હંમેશા ખુશ રહે અને ખુશી ખુશીથી સેવામાં પોતાનું બલિદાન આપે. કોઈની જરૂરિયાત ખબર પડતી તો તેઓ મોટા મનથી પૂરી પણ કરતા હતા. તેઓ જબાનનાં બહુ પાક્કા હતાં. આપેલા

વચનને ચુસ્તપણે અનુસરવામાં તેઓ હંમેશા મક્કમ રહ્યાં. રસોઈ કળામાં પણ ખૂબ રસ દાખવતાં. ભોળાનાથ શિવબાબાના ભંડારામાંથી બ્રહ્માવત્સો માટે પ્રેમથી બ્રહ્માભોજન બનાવતાં. જો ભોજન સંબંધિત કોઈ ખામી જણાય તો, તેઓ તરત જ સંબંધિત સેવાધારીને બોલાવીને દિશા નિર્દેશ આપતાં. તે હંમેશા કહેતાં, 'ભગવાનના ઘરે આવનાર બાળકો બ્રહ્માભોજનથી તૃપ્ત થઈને જાય.'

ફૂલોની સુંદરતા અને નયનરમ્ય હરિયાળીથી અથાહ પ્રેમ કરનાર મોહિનીદીદીજી એક સંવેદનશીલ પ્રકૃતિ પ્રેમી પણ હતા. મધુબનના પ્રાંગણને કુદરતી સૌંદર્ય આપતા બગીચાઓ તેમના આ પ્રકૃતિ પ્રત્યેના પ્રેમનો પુરાવો છે. મને પણ બગીચામાં ખૂબ રસ હતો. માતેશ્વરી ભવનમાં અમે વેસ્ટ મટિરિયલમાંથી રોક ગાર્ડન બનાવ્યો હતો. રંગબેરંગી ફૂલોથી બગીચો સજાવ્યો હતો. દીદીજી તેમને જોઈને ખૂબ ખુશ થતા અને હંમેશા મને પ્રોત્સાહિત કરતા. ભગવાને પસંદ કરેલી એવી દિવ્ય મૂર્તિ હતાં, જેમાં ઘણા ગુણોનો સાક્ષાત્કાર થતા હતા. તેઓ મધુવનના બગીચાનું એક સુગંધિત પુષ્પ બની બ્રહ્માબાબાની પાલનાની સુવાસ ફેલાવતાં રહ્યાં. રમણીકતા, પ્રસન્નતા, હર્ષિતમુખતા, વિનોદપ્રિય, મિલનસાર, હિંમત, સાહસ વગેરે ગુણોથી શોભતું તેમનું વ્યક્તિત્વ મધુબન ઉપવનનો એક શૃંગાર જ તો હતો. પિતાશ્રી બ્રહ્માબાબાની સાકાર પાલનાની સુગંધ ફેલાવતા-ફેલાવતાં મોહિનીદીદીજી ૭ સપ્ટેમ્બર, ૨૦૧૬ ના રોજ પ્રભુપિતાની ગોદમાં સમાઈ ગયા, એવા મધુબનના શૃંગાર મોહિનીદીદીજીને અમારા શત શત નમન.

॥ ઓમશાંતિ ॥

અનુવાદ : બ્ર.કુ. વિજય પોશિયા,
ઈન્ડિયા કોલોની, અમદાવાદ.

(પેજ નં. 33નું અનુસંધાન)... પ્રસંગ પરિમલ

દીધો? નેપોલિયનનો જવાબ હતો. આ લેખ મારા એક સમયની ઉપલબ્ધિ હતી. પણ આજના માટે તેનું કોઈ મહત્ત્વ નથી. જો હું આજે કોઈ લેખ લખું તો કદાચ તે સૌથી નીચી કક્ષાનો હોય. એટલે મેં આ લેખને સળગાવી દીધો. દેશકાળ પરિસ્થિતિમાં ચિંતનને નવું સ્વરૂપ આપતા રહેવું જોઈએ. જૂની પ્રશંસામાં મગ્ન ના રહેવું જોઈએ.

ગુરુજનોનું સન્માન

મહાભારતના યુદ્ધનો પ્રથમ દિવસ હતો. બંને સેનાઓ રણમેદાનમાં સામે સામે ઊભી હતી. યુદ્ધ પ્રારંભ થવાનું હતું. એટલામાં યુધિષ્ઠિર રથ ઉપરથી ઊતરીને કૌરવોની સેનામાં પ્રવેશ્યા. એમણે ભીષ્મપિતામહ, ગુરુદ્રોણાચાર્ય, કુલગુરુ, કૃપાચાર્ય અને અન્ય મોટાંભોને પ્રણામ કરીને આશીર્વાદ મેળવ્યા. ચિતિંત અર્જુને શ્રીકૃષ્ણને પૂછ્યું, 'મહારાજ આ શું કરી રહ્યા છો? શત્રુઓની વચ્ચે જવાની શી જરૂર હતી? આ સાંભળી શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું - 'અર્જુન! મહારાજ યુધિષ્ઠિરે ગુરુજનોનું સન્માન કરીને અડધુ મહાભારત જીતી લીધું છે. વિપક્ષના શ્રેષ્ઠજનોની શુભભાવના હવે આપણી સાથે છે. હવે માત્ર શારીરિક પુરુષાર્થ બાકી રહી ગયો છે. જેને જીતવા માટે તમે યુદ્ધનો આરંભ કરો.' છેવટે પાંડવોની જ જીત ગઈ.

॥ ઓમશાંતિ ॥

- **મનુષ્ય જો પોતાની અંદરની શાંતિ શોધી શકતો નથી. તો શું આ દુનિયામાં શાંતિ હોઈ શકે?**

ક્રોધ નિયંત્રણ

બ્ર.કુ. નીતાબેન, પાટણ

ક્રોધ એ નેગેટીવ ભાવનાઓ છે. ક્રોધ એક પ્રકારનું ક્ષણિક પાગલપન છે.

Anger is a brief madness.

ક્રોધ એટલે એક એવો જવાબ જે આપણને કે બીજાને કોઈને ગમતો નથી. પરંતુ કમજોરીવશ આપણે ધીરજ ખોઈ બેસીએ, નિર્ણય લીધા સિવાય ઉતાવળે જવાબ આપવા તૈયાર થઈ જઈએ છીએ.

ક્રોધ એ મનને સળગાવનારી સૌથી મોટી અગ્નિ છે. આપણે સહુ અનુભવ પણ કરીએ છીએ કે જે ક્ષણ આપણે મનને કાબુમાં નથી લઈ શકતા જેના કારણે જે રીએક્ટ કરીએ છીએ જેના કારણે થતું નુકશાન જીવનને ખૂબ જ પાયમાલ બનાવે છે.

ઘણા લોકોનું એવું માનવું છે કે થોડો ક્રોધ તો હોવો જ જોઈએ. આપણી પર્સનાલીટી છે. ક્રોધ હોય તો જ આપણી નીચેના લોકોથી કામ લઈ શકાય. ક્રોધથી જ કામ કઢાવી શકાય. શાંતિથી નહીં. ઘણા લોકો એવું પણ માને છે કે Anger is a normal Emotion. પરંતુ જો નોર્મલ ઈમોશન હોય તો ક્રોધ કર્યા પછી તેની ખરાબ અસર કેમ પડે છે? નોર્મલ હોય તો આપણે સતત બે કલાક સુધી ગુસ્સો કરતા રહીએ? પરંતુ કરી જ ના શકીએ કોઈપણ માણસ અડધો કલાક પણ ગુસ્સો કરે છે, પછી વધારે બોલવું હોય તો પણ નથી બોલી શકતો. કોઈપણ ક્રોધ કરનાર વ્યક્તિ પોતાનો દોષો જોતો નથી. તેની પાસે કારણ તૈયાર હોય છે. તે સદા બીજાને જ દોષ આપે છે.

ક્રોધ આવવાનાં કારણો

- બીજા લોકો આપણી ઈચ્છા પ્રમાણે કામ નથી કરતાં.
- જે રીતે કાર્ય કરાવવા માગીએ તે રીતે કાર્ય થતું નથી.
- કોઈ ખોટું બોલે છે ત્યારે ગુસ્સો આવે છે.
- લઘુતાગ્રંથીનો શિકાર હોઈએ ત્યારે પણ ગુસ્સો આવે છે.
- કોઈ વાયદો ન નિભાવે ત્યારે ગુસ્સો આવે છે.
- જ્યારે વિશ્વાસઘાત થાય છે તો ગુસ્સો આવે છે.
- કોઈ મદદ નથી કરતું.

ક્રોધનાં કારણો તો ઘણાં છે. જે આપણે પર્સનલ લાઈફનાં અનુભવના આધારે જાણીએ છીએ. આપણે ક્રોધ મુક્ત થવા ઈચ્છીએ છીએ પરંતુ ક્રોધને કંટ્રોલ કરી શકતા નથી.

વાસ્તવમાં ક્રોધ આપણા શરીરને પણ કેટલું નુકસાન કરે છે. તેની જાણકારી છે ખરી?

ક્રોધથી થતું નુકસાન

- ક્રોધના કારણે આપણી પાચનપ્રણાલી ઉપર અસર પડે ચે. જેના કારણે એસિડ વધુ ઉત્પન્ન થાય છે.
- ક્રોધની સીધી અસર હૃદય પર પણ થાય છે. માટે કાર્ડીયોલોજીસ્ટ હાર્ટ પેશન્ટને ગમે તેવી પરિસ્થિતિમાં પણ ક્રોધ ન કરવા સૂચન કરે છે.
- ક્રોધ કરવાથી વિચારોની ગતિ વધે છે જેના કારણે બ્લડ પ્રેશર પણ વધે છે.
- ક્રોધ આવે ત્યારે આપણા હાથોનું લોહી ગરમ થઈ જાય છે. ક્યારેક હાથ પણ ઉપડી જાય છે.
- સંબંધોમાં તિરાડ પડે છે.
- સામેની વ્યક્તિની ભાવનાઓને ઠેસ પહોંચે છે.

- ક્રોધથી સારું કામ પણ બગડી શકે છે.
- ક્રોધ આપણી શક્તિઓને નષ્ટ કરે છે.
- ક્રોધ નકારાત્મક ઉર્જા ફેલાવે છે.

સામાન્ય રીતે આપણે કોઈપણ વાત આવે તો ધીરજ રાખી સાંભળતા નથી. તરત જ રીએક્ટ કરીએ છીએ. ઈંટનો જવાબ પથ્થરથી આપી પોતાની હોંશિયારી બહાદુરીનાં દર્શન કરાવીએ છીએ. પરંતુ જ્યારે સામાન્ય અવસ્થા આવે ત્યારે આપણને જ આપણી મૂર્ખામી પર હસવું આવે છે. સંકોચ થાય છે.

ક્રોધ એ આપણો સ્વભાવ નથી. આપણો સ્વભાવ તો શાંતિ છે. માટે જ આપણે શાંતિ ઈચ્છીએ છીએ. ક્રોધ નહીં. જેવી રીતે પાણીને ગમે તેટલા તાપમાન પર ગરમ કરી ઠંડુ કરીએ ત્યારે ફરીથી શીતળ બની જાય છે. તેમ જ આત્માનો સ્વભાવ પણ શાંત છે. આ આપણી સ્વાભાવિક ક્વોલિટી છે.

ક્રોધ કર્યા પછી પશ્ચાતાપ થાય છે. પરંતુ જો ગણતરી કરીએ એક કલાકમાં પાંચ મિનિટ જ ક્રોધ કર્યો. આ પાંચ પાંચ મિનિટ થતાં આપણા શરીરને કેટલી અસર કરે છે. આપણું શરીર નેચરલ રિધમમાં કામ કરે છે. આપણે ક્રોધ કરીએ ત્યારે રીધમ ડીસ્ટર્બ થઈ જાય છે. જેનાથી મન અને શરીર પર અસર કરે છે.

એક ભાઈ ટ્રેનમાં મુસાફરી કરતા હતા. સામે બે બાળકો તોફાન કરતા હતા. બાળકોને તોફાન કરતાં જોઈને તે ભાઈ બોલ્યા કરે, કે ‘હે જીવ તૂં શાંત થા, તૂં આટલો ઉશ્કેરાઈ ન જા.’ આ સાંભળીને બાજુમાં બેઠેલા એક મુસાફરે કહ્યું કે આપ કેટલા સારા છો. લોકો માટેની આપની ભાવનાઓને દાદ આપવી પડે! ત્યારે પેલા ભાઈએ કહ્યું કે આ શબ્દો હું બાળકોને નહીં. મારી જાતને કહી રહ્યો છું. બાકી મને તો એવું થાય છે કે ‘આ બંને તોફાની બારકસોના ટાંટીયા તોડી નાખું.’ વિચાર કરીએ આવો પ્રયત્ન ઠીક કહેવાય? વર્તમાન સમયે તો ગુસ્સો ઠાલવવા માટે ધંધાદારી બજારો પણ ખુલવા લાગ્યા છે. ચીનનો ‘રાઈઝીંગ સન એન્ગર રીલીઝ’ ખૂબ જ જાણીતો છે. ચીનના નાન્જીંગ શહેરમાં ચાલતા આ બારમાં ગ્રાહકોને તોડફોડ કરવાની છૂટ અપાય છે. પૈસા આપો અને ગુસ્સો ઉતારો. સ્પેનમાં પણ આવા એન્ગર રીલીઝ સેન્ટરો ચાલે છે. આપ ત્યાં જાઓ એટલે એક હથોડો અને ચશ્મા આપવામાં આવે. આ ભંગારવાડમાં બધા જ પ્રકારની ચીજો હોય. કોમ્પ્યુટરથી માંડીને વાહનો તોડફોડ કરવાની છૂટ હોય. સ્ટોપ સ્ટ્રેસ સંસ્થાના જ્યોર્જ અરીયર્સ કહે છે કે જ્યારે કોઈ સ્ત્રી ઘરમાં ગુસ્સે થાય છે ત્યારે થાળી વાડકાના ઘા કરે છે અને પુરુષો ફર્નીચર અને અન્ય ચીજો તોડફોડ કરે છે. માણસની આવી પ્રકૃતિ જોઈને આવા સેંટરો શરૂ કરવામાં આવ્યા છે.

વાસ્તવમાં કોઈને માર મારવાથી તોડફોડ કરવાથી ગુસ્સો શમી જાય? આ કંઈ સારો ઉપાય કહેવાય? ગુસ્સો એક ક્ષણિક ઘટના છે. તે આવે છે અને વાવાઝોડાની જેમ નાના મોટા વિનાશ વેરીને ચાલ્યો જાય છે. ઘણી વાર ખૂબ મોટી કિંમત પણ ચૂકવવી પડે છે. ગુસ્સો આવે ત્યારે સૌથી પહેલો શિકાર નજીકની વ્યક્તિ બને છે. માટે પતિ-પત્નીના ઝઘડા વધુ થાય છે. એક વ્યક્તિ ક્રોધિત થાય ત્યારે બીજાની ઉપર ક્રોધ કરે છે. રોબ આવેશ આ પણ ગુસ્સાના જ પ્રકાર છે.

ક્રોધ દૂર કરવાના ઉપાયો

- Anger + D = Danger
- આપણે હાઈ વોલ્ટેજ એરિયામાં આ સાઈન

જોઈએ છીએ. જો આપણી અંદર સદા ક્રોધ રહેશે તો આપણી પર્સનાલીટી પણ આવી જ થઈ જશે. જેમ શરાબની બોટલ પર ખોપડી બતાવવામાં આવે છે કે શરાબ પીવાથી આવી દશા થાય છે. તેમ ક્રોધ પણ ડેન્જર છે.

- ક્રોધ જીવતા માણસને મારવાનું કામ કરે છે. ક્રોધ મફતમાં મળે છે. પરંતુ ક્ષમા પીડા વેઠ્યા વિના મળતી નથી.
- સદા યાદ રાખો - તમે ઈચ્છો છો એવા બીજા ન બને તો ક્રોધિત ન થાઓ. તમે પોતે જ તમે જેવા ઈચ્છો છો તેવા ક્યાં થયા છો ?...
- ક્રોધ એ તાકાત નથી પરંતુ તાકાતનો દુરુપયોગ છે.
- ચૂપ રહેવું એ ક્રોધનો સર્વોત્તમ ઉપાય છે.
- પોતાની જાતને કબુલાવો ગુસ્સો કરવો અયોગ્ય છે.
- કોઈપણ વાતમાં ક્રોધ આવે ત્યારે એક કલાક માટે પોસ્પોન્ડ કરો. એક દિવસ માટે પોસ્પોન્ડ કરો. ઉતાવળ ન કરો. એક મિનિટ પણ રાહ જુઓ. ત્યાં સુધી શમી જશે.
- જે વ્યક્તિ માટે ક્રોધ આવે છે તે વ્યક્તિથી દૂર થઈ જાઓ.
- એક, બે, ત્રણ એમ ગણતરી શરૂ કરો. સીધી નહીં તો ઉલ્ટી ગણતરી શરૂ કરો.
- ક્રોધ આવે ત્યારે પાણી પીઓ.
- બીજા લોકોને મદદ કરવાનું વિચારો.
- ઈશ્વરની માફી માંગો, પ્રાર્થના કરો.
- યાદ રાખો બળવાન તે નથી જે નીચા પાડે. જે પોતાના ગુસ્સાને કાબુમાં રાખે તે બળવાન છે.
- ક્રોધ મનુષ્યનો વિનાશ કરે છે માટે યમરાજ છે.
- વાસ્તવિકતાનો સ્વીકાર કરો. ધીરજથી શાંતિથી પરિસ્થિતિને ઉકેલવા પ્રયત્ન કરો.
- ક્રોધ કરતાં પહેલાં પરિણામનો વિચાર કરો.
- ક્રોધ અગ્નિ છે. આપણને અને સામેથી વ્યક્તિ બાળે છે.

ડેલ કાર્નેગીના જીવનનો ખૂબ સુંદર પ્રસંગ આપણા માટે પ્રેરણા રૂપ બની રહેશે. કાર્નેગી ઉપર એક દિવસ એક મહિલાનો પત્ર આવ્યો જેમાં તેણે ખૂબ ગુસ્સો ઠાલવ્યો હતો. કાર્નેગીએ લિંકન પર આપેલા પ્રવચનમાં કંઈક ભૂલ થઈ હશે અને લિંકન પ્રત્યે આદર ધરાવતી મહિલાને ખૂબ ખોટું લાગ્યું અને પત્ર લખ્યો કે આપને જો તારીખોનીય ખબર ન હોય તો રેડિયો સ્ટેશન સુધી જઈને પ્રવચન આપવાની મૂર્ખમી કેમ કરી....? ઘણું બધું લખ્યું. કાર્નેગીએ પત્ર વાંચ્યો ત્યારે એમનું પણ લોહી ગરમ થઈ ગયું. એમણે પણ વધુ ક્રોધિત થઈ જવાબો સાથે પત્ર લખ્યો. સાંજ પડી ગઈ હોવાથી, નોકર ઘેર ન હોવાથી પત્ર કાલે પોસ્ટ કરીશ એવું માની રાખી લીધો. સવારે તેમણે કવર બંધ કરતા પહેલાં એક વાર શાંતિથી પત્ર વાંચી ગયા. સવારની શાંત પળોમાં એમને લાગ્યું કે જરા વધારે લખાઈ ગયું છે આટલો આક્રોશ કરવાની જરૂર નથી. મહિલાએ એમાં શું ખોટું લખ્યું છે. મારી જ ભૂલ છે. મારે ક્ષમા માંગવી જોઈએ તેના બદલે તેના બદલે નારાજ થયો છું. તે પત્ર બાજુ પર મૂકી બીજો પત્ર લખ્યો. એમને વિચાર આવ્યો કે પ્રથમ પત્ર પોસ્ટ કરી દીધો હોત તો? એમને થયું હજી શું ઉતાવળ છે? ત્રીજો, ચોથો એમ સાત દિવસ સુધી પત્ર લખતા રહ્યા. સાતમા દિવસે એમને લાગ્યું કે હવે કશું જ બદલવા જેવું નથી પત્રપૂર્ણ રૂપે બદલાઈ ગયો હતો. એમણે લખ્યું કે આપના પત્ર માટે આભારી છું. આપ મારે ત્યાં મહેમાન થજો, મારી ભૂલના કારણે દિલ દુખાયું તે માટે ક્ષમા માગુ છું. મને માફ કરજો.

આપણે સહુ પણ આવો પત્ર લખવાનું શરૂ કરીએ. તો કદાચ ક્રોધ મુક્ત બની જવાશે.

નાની નાની વાતોમાં ક્રોધ આવી જાય છે. પરંતુ આપણે સહુએ તેને કાબુમાં લેવા માટે પ્રથમ તો આપણા આત્માને પાવરફુલ બનાવવો પડશે. આપણે કહીએ છીએ ક્રોધ કરવો નથી પરંતુ આવી જાય છે. આ આપણી કમજોરી છે. આત્માનો ગુણ શાંતિ છે. ક્રોધ તો બહારથી આવે છે. આપણો સ્વભાવ નથી. આપણે વારંવાર ક્રોધ કરી એવો સ્વભાવ બનાવી દીધો છે. પરંતુ મુક્ત થવા માટે શાંતિના સાગર પ્રભુની પાસેથી શાંતિનો ખજાનો લેતા રહીએ. સદા યાદ રાખીએ 'હું એક શાંત સ્વરૂપ આત્મા છું. શાંતિના સાગર પરમાત્માનું સંતાન છું. શાંતિધામ મારું ઘર છે. અને મારે શાંતિધામ જવાનું છે.'

આપણે મોટા રૂપમાં એમ કરીને કહી દઈએ છીએ કે મને ખાસ ક્રોધ આવતો નથી. પરંતુ થોડા પ્રશ્નો પોતાની જાતને પૂછી જોઈએ.

- ઘણીવાર મને એવું થાય છે કે ચીજોને તોડી નાખું?
- મને જ ખબર નથી કે હું અસંતુષ્ટ ચીડાયેલ કેમ રહું છું ?
- ક્યારેક મારો હાથ ઉપડી જાય છે?
- હું ઘણીવાર અધીરો બની જાઉં છું?
- ઘણા લોકો મને ગરમ મિજાજવાળા કહે છે કારણ?
- જ્યારે લાઈનમાં કોઈ મારી આગળ જવાની કોશિશ કરે છે ત્યારે....
- જે મારી સાથે ગુસ્સો કરે છે. મને તેમની ઉપર વધારે ગુસ્સો આવે છે?
- જે મારી પાસે વધુ પડતું કામ ઉતાવળથી માગે છે. ત્યારે ગુસ્સો આવે છે?
- હું જીદ્દી છું? કોઈની વાત સમજવાની તૈયારી છે?
- મને જ ખબર નથી પડતી કે મને આટલો ગુસ્સો કેમ આવે છે?
- ક્રોધ આવે છે ત્યારે નશો કરવાનો વિચાર આવે છે?
- હું કોઈપણ પરિસ્થિતિમાં આત્મ સંયમ ખોઉં છું ખરા?
- મને એવું લાગે છે કે હમણાં મારું માથું ફાટી જશે?

આ પ્રશ્નો આપણે જાતને પૂછીએ અને સદા ક્રોધ મુક્ત બનવા માટે પ્રભુપિતાની મદદ લેવા પ્રભુને યાદ કરતાં રહીએ. ભગવાન તેને તેના કર્મોનું ફળ આપશે એવો અશુભ ભાવ પણ ન રાખો. પરંતુ યાદ રાખો મારો કંઈક હિસાબ તેની સાથે બાકી હતો તે ચૂકવાઈ ગયો. ખુશ થાઓ. રીએક્ટ ન કરો. તે વ્યક્તિ પણ તેના સ્વભાવથી મજબૂર છે. તેને ક્ષમા કરો. આ શક્તિ મેડીટેશન, ધ્યાન, સાધનાથી આવશે. પ્રભુપિતાને યાદ કરો. સર્વોત્તમ ટોનિક મળશે.

॥ ઓમશાંતિ ॥

- **પરમાત્મા પાસેથી દુઆઓ મેળવવા માટે સ્વયંને લાયક બનાવવાના છે. લાયક બનવાનો આધાર છે સ્વચ્છ બુદ્ધિ, સ્વચ્છ મન. જ્યાં મન-બુદ્ધિની સ્વચ્છતા - સચ્ચાઈ છે ત્યાં જ પરમાત્માની અને આત્માઓની દુઆઓ છે. એટલે બુદ્ધિની એકાગ્રતા દ્વારા સ્વચ્છતા, નિર્મળતાનો અનુભવ કરવાનો છે.**
- **ચારિત્ર્ય એ સમાજ, દેશ અને વિશ્વની સળગતી સમસ્યાઓનો એક માત્ર ઉપાય છે. ચારિત્ર્ય ગુમાવતાં આબરૂ રહેતી નથી.**

ક્રોધ - યોગી જીવન માટે ભારે અવરોધ આપત્તિ

બ્ર.કુ. ઉર્વીબેન, નડિયાદ

ક્રોધ મૂલમનર્થાનાં ક્રોધઃ સંસાર બંધનમ્,

ધર્મક્ષયકરઃ ક્રોધઃ તસ્માક્રોધં વિવર્જયેત્ ॥

અર્થ - ક્રોધ એ અનર્થ પરંપરાનું મૂળ છે. ક્રોધ જ સંસારના બંધનનું કારણ છે. ક્રોધ ધર્મનો નાશ કરનાર છે. તેથી માણસે ક્રોધ ત્યજી દેવો જોઈએ.

ક્રોધો હિ શત્રુ પ્રથમો નરાણાં દેહસ્થિતો દેહ વિનાસનાય, યથા સ્થિતઃ કાષ્ઠગતો હિ વહિનઃ સ એવ વહિનર્દહતે શરીરમ્ ॥

અર્થ - જેમ કાષ્ઠમાં રહેલો અગ્નિ કાષ્ઠને બાળવામાં નિમિત્ત બને છે તેમ દેહમાં રહીને જ દેહને બાળવામાં નિમિત્ત બનતો ક્રોધ માનવોનો સૌથી પહેલો શત્રુ છે.

મહાત્મા ગાંધીજીએ એક ઠેકાણે સરસ કહ્યું છે કે, 'જો તમે સાચા હો તો તમારા ગુસ્સાને અવશ્ય કાબુમાં રાખી શકો. જો તમે સાચા ન હો તો ગુસ્સે થવાનો તમને અધિકાર નથી.' ક્રોધના આવેશમાં માણસ ન કરવાનું કરી બેસે છે. વિવેકશૂન્ય માણસ સમજ્યા વગર આડો અવળો ગમે તેમ વછૂટી જાય છે. એના વર્તનને કોઈ મર્યાદા રહેતી નથી અને પાછળથી પસ્તાય છે.

ક્રોધ આવવાના ત્રણ કારણો -

આ માણસ મારું બગાડે છે એ માન્યતા...

આ માણસ મારું માનતો નથી એ ખ્યાલ...

આ માણસ ખરાબ છે એવી ધારણા...

આના મૂળમાં અહંકાર તો ખરો જ.

ક્રોધ ચિત્તની એક નકારાત્મક વૃત્તિ અથવા મનરૂપી સરોવરનું વમળ છે. જે અજ્ઞાનની ઉપજ છે. એ વાસ્તવિક અથવા કાલ્પનિક આઘાત દ્વારા ઉત્તેજિત એક પ્રબળ આવેશ માત્ર છે. જેમાં પ્રતિકારની ભાવના છુપાયેલી હોય છે.

ક્રોધ એ અસંતોષ, વિરોધ અને પ્રતિશોધથી ઉત્પન્ન થયેલો મનોવિકાર છે. જે આઘાત અને અપમાનના મૂળ કારણ પ્રત્યે પરિચાલિત રહે છે. ચાહે કાલ્પનિક હોય કે વાસ્તવિક. ક્રોધ ખરાબ વિચારથી ઉત્પન્ન થાય છે.

મહાત્મા ગૌતમ બુદ્ધે એક ઠેકાણે સરસ કહ્યું હતું કે, 'કર્મ કરતા પહેલા વિચારો.' આ મુદ્દા પર એમણે એક વાર્તા કહી હતી. એક રાજાને બહુ જ ક્રોધ આવતો એના આ સ્વભાવથી તે પોતે પણ કંટાળી ગયા હતા, તેઓ એક સંત પાસે ગયા આ વાતનો નીવેડો લાવવા સંતે એમને સમજાયા પછી પાછા વળતા તે રાણીના મહેલમાં ગયા અને શયનકક્ષમાં પ્રવેશ કર્યો, તો દૃશ્ય જોયું કે મારી રાણી જોડે કોઈ નવયુવાન સૂતો છે. રાજાના ક્રોધનો કોઈ પાર રહ્યો નહીં. રાજાએ ઉતાવળથી મ્યાનમાંથી તલવાર બહાર કાઢી અને આગળ વધે તે યુવાનને મારવા ત્યાં જ સંતે કહેલી વાત યાદ આવી કે કશું પણ કરતાં પહેલાં વિચારજો, ત્યાંજ તે યુવાન પડખું ફરે છે અને તેની પાઘડીમાંથી વાળ છુટા થાય છે તે જોઈ રાજા અચંબિત થાય છે. તે યુવાન તેની રાજકુમારી હતી, રમતા રમતાં રાજકુમારના વેશમાં જ થાકીને રાણીવાસે આવીને સૂઈ ગઈ હતી. રાજા પોતે પોતાના ક્રોધ બદલ શરમ અનુભવે છે.

કામ-ક્રોધનો દીર્ઘકાલીન સાથી છે. ક્રોધને ધૈર્ય વિચાર, આત્મસંયમ, પ્રેમ અને ધ્યાન દ્વારા

વશ કરો. આજ પુરુષાર્થ છે. વિવેક છે.

નાની-નાની વાતોમાં ગુસ્સે થઈ જવું એ પાશવી - બાલીશ છે.

પોતાને થયેલા સાચા અથવા કાલ્પનિક અન્યાયથી ક્રોધ ઉત્પન્ન થાય છે. જે મોટે ભાગે વ્યક્તિગત અને સ્વાર્થી હોય છે.

ક્રોધાન્ધતા માણસને વિવેક અને બુદ્ધિની મર્યાદા બહાર વર્તવા પ્રેરે છે. ક્રોધનો ઉન્માદ તેના કરતા પ્રબળ હોય છે અને એ અનિયંત્રિત હિંસા તરફ દોરી જાય છે.

ક્રોધ શબ્દ નારાજગીથી વધારે શક્તિશાળી છે. પરંતુ ક્રોધ, ક્રોધાન્ધતા અને ક્રોધના ઉન્માદથી વધારે નહીં, જેમાં અપ્રસન્નતા ક્રમશઃ વધારે માત્રમાં ઉત્તેજીત થાય છે. ક્રોધ શબ્દ નારાજગીથી વધારે શક્તિશાળી છે. પરંતુ ક્રોધ, ક્રોધાન્ધતા અને ક્રોધના ઉન્માદથી વધારે નહિ. જેમાં અપ્રસન્નતા ક્રમશઃ વધારે માત્રામાં ઉત્તેજીત થાય છે. ક્રોધ અપ્રસન્નતાનો આકસ્મિક મનોભાવ છે. નારાજગી કાયમ રહેનારી અપ્રસન્નતા છે અને ક્રોધ તેનાથી પણ વધારે પ્રભાવશાળી ક્રોધનો મનોભાવ છે.

ક્રોધ કરવાથી શક્તિનો દુર્વ્યય થાય છે. તેના વિસ્ફોટથી આખું સ્નાયુતંત્ર અસ્ત-વ્યસ્ત થઈ જાય છે. આંખો લાલ થઈ જાય છે, શરીર ધ્રૂજવા લાગે છે. હાથ-પગ ધ્રૂજવા લાગે છે. ગુસ્સે થયેલ વ્યક્તિને કોઈ રોકી નથી શકતું. થોડીક ક્ષણો માટે એનામાં ખૂબ શક્તિ આવી જાય છે. પરંતુ થોડા સમય પછી પ્રતિક્રિયા રૂપે એ શક્તિહીન થઈ જાય છે. તો તે અશાંત બની જાય છે. વારંવારનો ક્રોધ હાર્ટ એટેકને આમંત્રણ આપી શકે છે. એવા બનાવો નોંધાયેલા છે કે સ્ત્રીઓએ ક્રોધના આવેશમાં બાળકને ન ધવરાવ્યું હોય અને બાળકો મૃત્યુ પામ્ય હોય જ્યારે કોઈ વ્યક્તિ ગુસ્સામાં હોય છે, તો એનું લોહી જ એના જ સ્વજનો - સ્નેહીજનો ક્રોધી વ્યક્તિનો સાથ છોડી દેતા હોય છે. ક્રોધી વ્યક્તિ દ્વારા કરવામાં આવેલા કાર્યો અને નિર્ણયો દુઃખદાઈ અને નુકસાનકારક, ક્રોધી વ્યક્તિના ગલત નિર્ણયથી મારા-મારી કોર્ટ કચેરી અને જન્મ-જન્માંતરના વેર બંધાઈ જાય છે.

માટે શ્રીમત ભગવત ગીતામાં સાચે જ કહ્યું છે 'કામ-ક્રોધ અને અહંકાર આ ત્રણે રિપુને હે અર્જુન, તુ હણ.'

॥ ઓમશાંતિ ॥

તને - આત્મા

બ્ર.કુ. જૂનાગઢ

કલ્પ પૂરામાં મહેકવાની છૂટ છે તને,
શિવની શરતથી જીતવાની છૂટ છે તને.
વાતો જો થઈ શકે દિલથી,
તો મૌન રેવાની છૂટ છે તને.
બાપ સમાન આ જીવન હવે થયું,
તો ફરિશ્તા બનવાની છૂટ છે તને.
મન-મરજીથી પરે તું,
શિવની શ્રીમત લીધી છે યાર!
ખૂલ્લાં છે દ્વાર નિર્વાણધામનાં,
ગમે ત્યારે આવવાની છૂટ છે તને.
નિશ્ચય છે મારો, હું તને પામું સંગમમાં,
તો ચોર્યાસી જન્મ ફરવાની છૂટ છે તને.
આ શરીરનાાં શ્વાસમાં સમાઈ
જ્ઞાનની સરવાણી,
તો મુક્ત-જીવનમુક્ત પામવાની છૂટ છે તને.

॥ ઓમશાંતિ ॥

પરમપિતા શિવ પરમાત્માની છત્રછાયામાં મળ્યું નવજીવન

બ્ર.કુ. અનંત, નડિયાદ

બાબા અવારનવાર કહેતા હોય છે કે સંગમયુગમાં પરમાત્માનો સાથ મળે છે. સાથે સાથે આટલો મોટો ઈશ્વરીય પરિવાર, આટલા બધા ઘર (સેવાકેન્દ્રો, સેવાસ્થાન) કોઈ નસીબદારને જ મળે, એ પણ પવિત્ર ! હું મારી જાતને વધારે નસીબદાર માનું છું કારણ કે ડાયરેક્ટ મને નડિયાદ સેન્ટરની બિલકુલ બાજુમાં જ મકાન શોધી આપ્યું છે. ક્યારેક એમ થાય છે કે બાબાએ પોતાની નજર સામે જ I.C.U. (I See You)માં રાખ્યો છે.

માર્ચ 2008માં નડિયાદ ક્લાસમાં આવતા રવજીભાઈ મને એમની બાઈક પર નજીકની પાઠશાળા હાથનોલી ક્લાસ કરાવવા લઈ જતા હતા. લગભગ રાતના 8 કલાકે રસ્તામાં સામેથી આવતી કારે જોરદાર ટક્કર મારી અને અમે બન્ને ભાઈઓ ફેંકાઈ ગયા. મને માથામાં ઉંડો ઘા થયો એટલે લોહી નિકળતી હાલતમાં બેહોશ થઈ ગયો. રવજીભાઈ હોશમાં હતા એટલે સેન્ટરના તથા પોતાના ઘરના ફોન નંબર કોઈને આપ્યા. થોડી વારમાં 108ની સેવા આપતી એમ્બ્યુલન્સે અમને હોસ્પિટલમાં પહોંચતાં કર્યાં. દરમિયાન સેન્ટરના બહેનો-ભાઈઓ પણ ત્યાં આવ્યાં અને સારવાર શરૂ થઈ. રવજીભાઈને પગમાં ફ્રેક્ચર થયેલું અને મને તો માથાના ઘા ઉપરાંત એક પગમાં મોટું અને બીજા પગમાં નાનું ફ્રેક્ચર! (ઘણાં સમય પછી જાણવા મળ્યું કે બીજા 4 હેરલાઈન ફ્રેક્ચર પણ હતાં.) લોહીના બાટલા ચડાવવા પડ્યા. પણ ફેફસામાં લોહી તેમજ પાણી ભરાવાના લીધે હાલત એકદમ સિરીયસ થઈ. નજીકની બીજી હોસ્પિટલમાં ખસેડીને ફેફસાં સાફ કરાવવાની પ્રક્રિયા કરવી પડી. વેન્ટીલેટર પર રહેવું પડ્યું. ડોક્ટરની સલાહ પ્રમાણે પૂરતી સારવાર તો અમદાવાદમાં જ શક્ય હતી એટલે સારવારમાં અમદાવાદની સ્ટરલિંગ હોસ્પિટલમાં જવું પડ્યું. આખી રાત લગભગ 40-50 બહેન-ભાઈઓ ત્યાં ખડે પગે સેવામાં હાજર હતા. નડિયાદ સબઝોનના ઈન્ચાર્જ બી.કે. પૂર્ણિમાબેન, સંધ્યાબેન, બિપિનમામા, ડો. હર્ષદભાઈ વગેરેએ આખી રાત જહેમત ઉઠાવી. સેન્ટરની નાની બહેનો, અન્ય ભાઈઓ, માતાઓ, કુમારો બધા જ ત્યાં સેવામાં હતા. બધાના નામ લખવા તો શક્ય જ નથી.

સ્ટરલિંગમાં બી.કે. કૃતિબેન (સેટેલાઈટ સેન્ટર, અમદાવાદ)ના ડોક્ટર્સ સાથે સારા સંબંધ-સંપર્ક હોઈ સારી સારવાર મળી. હું તો 6 દિવસ કોમામાં હતો, 3 દિવસ વેન્ટીલેટર પર હતો. છઠ્ઠા દિવસે પગના ઓપરેશન પછી જ્યારે હોશમાં આવ્યો ત્યાર પછી ધીમે ધીમે બધું જાણવા મળ્યું. હું અથડાયો એ પણ મને યાદ નથી. બેહોશીને કારણે મારે 6 દિવસ પીડા પણ ન ભોગવવી પડી. આ પણ બાબાની કમાલ ! ફક્ત એટલું યાદ છે કે ઓપરેશનની સવારે આદરણીય સરલાદીદીએ મને દૃષ્ટિ લેવાનું કહેલું. પછી કૃતિબેન મળેલા. 12 દિવસ ત્યાં રહ્યા પછી ઘેર 2 મહિના સંપૂર્ણ આરામ કરવાનું થયું. આ દરમિયાન લૌકિક સંબંધીઓનો સાથ-સહકાર પણ ઘણો મળ્યો. યુગલ આશાબેનની સેવા તો જબરદસ્ત હોય જ. બાબાના જ્ઞાન-યોગને કારણે આવા કપરા સમયમાં માનસિક સ્વસ્થતા પણ એમણે જાળવી બતાવી. સમગ્ર અલૌકિક પરિવાર, ક્લાસના ભાઈ-બહેનોની આત્મીયતા, સહકાર અકલ્પનીય

હતા. સેન્ટર બાજુમાં હોવાને લીધે કેટલો ફાયદો થાય એ છેલ્લા 10 વર્ષથી તો અનુભવ કરતો જ હતો, પણ આવા સમયના અનુભવોની તો તમારે જ કલ્પના કરી લેવાની. બાબાની છત્રછાયા અને પરિવારનો સાથ....

જે રાત્રે અકસ્માત થયો એ પછી અમારા મોટાબેને (પૂર્ણિમાબેન) સબઝોનના બધા જ સેવા કેન્દ્ર તેમજ પાઠશાળાઓને જાણ કરી, બધાએ વિશેષ યોગના પ્રોગ્રામ રાખ્યા. બાબા કહે છે એમ દવાની સાથે દુઆના સમન્વયથી મને જલદી સારું થયું. એ એક સુખદ અનુભવ છે. દરમિયાન બી.કે. રશ્મિભાઈએ મને એક બુક Power of Sub-concious Mind વાંચવા આપી. બાબાન જ્ઞાન-યોગ અને બુકમાં બતાવેલ વાર્તાનો સમન્વય કરી વારંવાર પ્રયોગ કરતો રહ્યો (આવા પ્રયોગો સ્પાર્કમાં પણ કરાવવામાં આવે છે.) આને કારણે હું માનસિક રીતે પણ સ્વસ્થ રહ્યો અને રીકવરી પણ ઝડપી થઈ.

આટલા જીવલેણ અકસ્માત પછી પણ કોઈ ખોડખામી રહી નથી એ માટે બાબાનો જેટલો આભાર માનું એટલો ઓછો. મારી સાથેના રવજીભાઈ પણ ઠીક થઈ ગયા. ધીમે ધીમે બહેનો, માતાઓ, ભાઈઓએ મને જણાવ્યું કે પોતે બાબા સાથે મારા સારા થવા માટે કેવી કેવી રુહારિહાન કરતા હતા. કેટલાક ભાઈઓ અને અમુક માતાઓએ તો પૈસાની જરૂર હોય તો પણ અમે છીએ, એવી તૈયારી બતાવી. (જો કે બાબાએ એવી કોઈ આવશ્યકતા પડવા ન દીધી. કેટલીક બહેનોએ અમૃતવેલાના યોગમાં મને બાપદાદાની ગોદમાં બેઠેલો પણ જોયો.... આ બધું સાંભળીને હું ખૂબ જ લાગણીશીલ બની જતો.

મને પણ પરોક્ષ કે અપરોક્ષ મનસા, વાચા, કર્મણા મદદરૂપ બન્યા એ દરેકનો આભાર શબ્દો દ્વારા માની શકાય એવો ભ્રમ હું રાખતો નથી. અવાર નવાર આ બધાને બાબા સમક્ષ ઈમર્જ કરીને સુપ્રીમ સેટેલાઈટ - બાબા દ્વારા શુભભાવનાઓ, શુભ કામનાઓ પાઠવતો રહું છું... બાકી સૌ થી વધારે થેંક્સ તો સુપ્રીમ સર્જન, સુપ્રીમ હીલર બાપદાદાને જ... **॥ઓમશાંતિ ॥**

કાવ્યકુંજ

મુક્તક

હૃદયના બાગમાં પ્રભુ, વીણા તુજ પ્રેમની વાગી.
સંકટ રૂપી કંટક ગયાં, લગની તુજ નેહની લાગી.
જીવનનાં મૂલ્યો મોટાં, સમજતાં વાર બહુ લાગે!
સમજી જો ગયા તો તો, જીવનમાં દુઃખ ના ભાસે.
કદી વિરહ, કદી વ્યથા, કદી નિરાશા દુઃખ છે.
સંસારમાં જો હોય તો, સંતોષ મોટું સુખ છે.
અરે ! વ્હાલા પુષ્પ મરણ તુજ છે. સાંજ પડતાં
વદે, સ્મિતે પુષ્પ સુરભિ પ્રસરે જીવન તણી.
સર્વત્ર પથરાઈ રહ્યો તુજ પ્રેમનો પમરાટ,
શાને માનવ માણતો સ્થૂળ મોહનો મલકાટ.
તાર્યાં હજારો જીવને તુજ પ્રેમ રશ્મિએ,
શાને પડી પીડાય માનવ મોહ અબ્ધિએ.
ખીલેલાં પુષ્પોને પૂછ્યું, તમારું રૂપ સારું છે,
હસી વદ્યાં એ કુસુમો,
તપનના તાપથી તપી, અમે આ રૂપ આણ્યું છે.
બાંધી હવાઈ કિલ્લાઓ, તેમાં રહી નથી શકતાં.
બનાવટી ફૂલો, સુગંધ દઈ નથી શકતા,
ઝાંઝવાનાં નીર, સાચાં હોઈ નથી શકતાં,
પિનાક બહુ બોલનારા, કશું કરી નથી શકતા.
નિશાવિણ નવ શોભતો, શશી રૂપેરી રંગ.
સુવાસ વિહિન કુસુમો, વડે જન ન ધરે ઉમંગ.
ફળ છાયા વિણ નવ સોહે, એ વૃક્ષો વનમાંય.
સદ્‌ગુણ વિના નવ શોભતો, જન જીવી જગમાંય.

॥ ઓમશાંતિ ॥

પ્રસંગ પરિમલ

નાથ યા લાચાર ?

એકવાર મગધ નરેશ રાજા શ્રેણિક પર્વતીય વિસ્તારમાં ભ્રમણ કરવા પહોંચ્યા. પર્વતની તળેટીમાં એમણે એક તરુણમુનિને તપસ્યામાં લીન જોયા. મુનિના અદ્ભુત સૌન્દર્યને જોઈને તેઓ મંત્રમુગ્ધ બનીને ઊભા રહ્યા. જ્યારે મુનિનું ધ્યાન તૂટ્યું, તો એમને પ્રણામ કર્યા. પછી રાજાએ વિનમ્રતાથી કહ્યું, 'મુનિવર! આટલું અનુપમ સૌન્દર્ય હોવા છતાં ભોગોને છોડીને અહીં તપસ્યા કરવાનું શું કારણ છે?' મુનિએ કહ્યું, 'રાજન, હું તો અનાથ હતો. એટલે અહીં આવીને તપસ્યા કરવાનો સંકલ્પ કર્યો.' રાજા શ્રેણિકે કહ્યું, 'આપના મુખમંડલથી એ પ્રતીતિ થાય છે કે આપ કોઈ વૈભવશાળી પરિવારના છો. ચાલો, આથી હું આપનો નાથ બનું છું. આપના વૈભવના દિવસો પાછા લાવવાની વ્યવસ્થા કરું છું.' મુનિએ કહ્યું, 'રાજન, આપતો સ્વયં લાચાર છો. પછી સ્વયંને નાથ કઈ રીતે સમજો છો?' રાજાએ કહ્યું, 'આપ મુનિ થઈને પણ ખોટુ સમજી રહ્યા છો. સમગ્ર સંસાર મને અન્નદાતા કહીને મારું સન્માન કરે છે.' મુનિએ કહ્યું, રાજન, હું પણ સંપન્ન પરિવારમાં જન્મ્યો હતો. મારા માતાપિતા સમજતાં હતાં કે અપાર ધન સંપત્તિને કારણે કોઈ વાતનું દુ:ખ ભોગવવું નહીં પડે. એકવાર હું ભયંકર વેદનાથી પીડાઈ રહ્યો હતો. મારા માતાપિતાએ ઘણું ધન ખર્ચ કર્યું, પણ તેઓ મારી વેદના દૂર ના કરી શક્યાં. એ સમયે મેં અનુભવ કર્યો કે ધનસંપત્તિ, સુખ સગવડો સાચું સુખ આપી શકતાં નથી. જે ધનસંપત્તિ પર નિર્ભર રહે, તે નાથ કઈ રીતે હોઈ શકે છે? એ દિવસે હું મહેલ છોડીને અહીં આવી ગયો. રાજા મુનિને મસ્તક ઝુકાવવા લાગ્યો.

સોનાનું કમંડળ

એક ફકીરે એકવાર રાજાના મહેલ પર જઈને ટકોરો માર્યો. અંદરથી રાણી આવી. એણીએ સોનાનું કમંડળ એ ફકીરની ઝોળીમાં નાંખ્યું. એક ચોર આ સૌ જોઈ રહ્યો હતો. સોનાનું કમંડળ ચોરી જવાના ઉદ્દેશ્યથી તે ચોર ફકીરની પાછળ ચાલવા લાગ્યો. ફકીર તે કમંડળ લઈને સ્મશાનમાં આવ્યો અને માથા નીચે મૂકીને તે જમીન પર સૂઈ ગયો. ચોર પણ થોડે દૂર એક વૃક્ષની પાછળ છૂપાઈને ફકીરના સૂઈ જવાની રાહ જોતો હતો. ફકીરને શંકા ગઈ કે ચોર કમંડળ ચોરવાના ઉદ્દેશ્યથી એનો પીછો કરી રહ્યો છે. ફકીરને તે કમંડળ ચોરાઈ જવાની બીકે ઊંઘ આવતી નહોતી. છેવટે તેના મનમાં એક વિચાર આવ્યો. તે કમંડળને ફેંકતાં તે બોલ્યો કે ચોરભાઈ આને લઈ જાઓ. ચોર ફકીરની વાત સાંભળીને આશ્ચર્યચકિત થઈ ગયો. એણે કમંડળ ઉઠાવ્યું અને ફકીરની પાસે આવીને કહ્યું, મહાત્માજી આપે આટલું કીંમતી કમંડળ ફેંકી શા માટે દીધું?

ફકીરે કહ્યું, માયાના ચક્કરમાં મારી ઊંઘ હરામ થઈ ગઈ હતી. હવે હું નિશ્ચિત બનીને સૂઈ શકું છું. ચોર ફકીરના પગમાં પડ્યો અને કહેવા લાગ્યો કે હવે એ વાત મારી સમજણમાં આવી ગઈ છે કે ગૃહસ્થીઓ માટે પૈસા તો જરૂરી છે પણ પૈસા માટે ખરાબ કામ કરવા ઉચિત નથી.

મનોવિકારો પર વિજય

કહેવાય છે કે અંગ્રેજ લોકો ભારતમાં શાસન કરતા હતા ત્યારે એમણે એકવાર વિભિન્ન પ્રદેશોના અથવા વંશોના શૂર પ્રતિનિધિઓને પોતાના બળનું પ્રદર્શન કરવા આમંત્રિત કર્યા.

એમણે મોટામોટા પથ્થર રાખી દીધા અને દરેક પ્રતિનિધિને કહ્યું કે વારાફરતી આવો અને એક જ પ્રહારમાં પથ્થર તોડી બતાવો. દરેકે પોતપોતાના બળનું પ્રદર્શન કર્યું. પરંતુ જ્યારે રાજપૂતનો વારો આવ્યો તો સર્વ ઉપસ્થિતજનો હસવા લાગ્યા. કારણ કે તે પાતળો, દુબળો હતો. સૌએ વિચાર્યું કે તે આવડો મોટો હથોડો પણ ઊંચકી નહીં શકે.

જ્યારે રાજપૂત સામે આવ્યો તો અંગ્રેજ કપ્તાનને કહેવા લાગ્યો કે, 'સાહેબ, હું મારા બીજા સાથીને પણ બોલાવીશ.' કપ્તાને કહ્યું, ના બહાદુર! તમો એકલા એ જ બળ પ્રદર્શન કરવાનું છે. રાજપૂત બોલ્યો, 'બળ તો હું એકલો જ દેખાડીશ. પરંતુ તે માત્ર મારી પાસે જ ઊભો રહેશે!' કપ્તાને કહ્યું, 'મને એમાં કોઈ તકલીફ નથી પણ તે ઊભો ઊભો શું કરશે?' રાજપૂત બોલ્યો, 'સાહેબ, અમારી કોમમાં ભાટ અથવા ચારણ હોય છે તેઓ અમારા વંશની વીરતાના ગીતો ગાઈને અમને મોટાં મોટાં કાર્યો માટે પ્રોત્સાહિત કરે છે ત્યારે અમે અમારી શક્તિ કરતાં પણ વધુ કાર્ય કરી શકીએ છીએ.'

તો ભાટે એક કવિતા ગાઈ. એનો ભાવ હતો કે 'હે રાજપૂત, આજે તમારી રાજપૂત જાતિની શાન તારા ઉપર નિર્ભર છે. રાણા સાંગા, મહારાણા પ્રતાપ ઈત્યાદિના આત્માઓ તને જોઈ રહ્યા છે.' આ સાંભળીને રાજપૂતની નસોમાં લોહી દોડવા લાગ્યું. એણે એકાએક કહ્યું, 'બસ ભાટ' અને હથોડો ઉઠાવીને પૂરા મનથી પથ્થર ઉપર માર્યો. પથ્થર તૂટી ગયો અને તાળીઓ વાગી ઉઠી.

જ્યારે જ્ઞાનવાન વ્યક્તિ પણ અજ્ઞાનીને પોતાના પૂર્વજો દેવતાઓની મર્યાદાઓ બતાવીને એમને પોતાના સારા કાર્મ માટે પ્રેરિત કરે છે તો તેઓ પણ મોટા મોટા વિકારોને જીતી લે છે.

આત્મપ્રશંસા

જે વ્યક્તિઓ મહાન હોય છે તેઓ હંમેશા સાવધાન રહે છે કે તેઓ કદી કોઈ પ્રસંગે પોતાની પ્રશંસામાં રુચિ લેવા ના લાગે. યુવાવસ્થામાં નેપોલિયન સાહિત્યમાં ઘણી રુચિ ધરાવતા હતા. તેઓ પ્રસંગોપાત લેખ પણ લખતા હતા. એકવાર લિયેન્સનગરના વિદ્વાનોએ ત્યાંના નાગરિકો પાસેથી લેખ મંગાવ્યા હતા. સર્વશ્રેષ્ઠ લેખ માટે પુરસ્કારની ઘોષણા પણ કરવામાં આવી હતી. એમાં ઘણા લોકોએ લેખો મોકલ્યા હતા. જેમાંથી એક લેખ નેપોલિયને પણ મોકલ્યો હતો. નેપોલિયનના લેખને સર્વશ્રેષ્ઠ ઘોષિત કરવામાં આવ્યો હતો.

કેટલાક સમય પછી જ્યારે નેપોલિયન સમ્રાટ બની ગયા ત્યારે તેઓ તે વાતને લગભગ ભૂલી ચૂક્યા હતા. નેપોલિયનનો એક મંત્રી હતો ટેલીરાન્ત. એને ક્યાંકથી આ બાબતની માહિતી મળી ત્યારે એમણે પોતાની એક વિશેષ વ્યક્તિને મોકલીને એ લેખની મૂળ નકલ મંગાવી લીધી. એક દિવસ એમણે એ મૂળ પ્રતને સમ્રાટ સામે રાખીને હસતાં હસતાં પૂછ્યું - સમ્રાટ, આ લેખના લેખકને તમે જાણો છો? સમ્રાટ નેપોલિયન આ લેખને જોઈ કાંઈ વિચારવા લાગ્યા. એમની મુદ્રા જોઈને ટેલીરાન્તે વિચાર્યું કે સમ્રાટ ખુશ થશે અને મને પુરસ્કાર આપશે.

કેટલીક પળો સુધી વિચાર્યા પછી એમણે એ પ્રત હાથમાં લીધી અને એ ઓરડામાં સગડી સળગી રહી હતી તેની પાસે ગયા. કેટલોક સમય એને જોતા રહ્યા. પછી સગડીમાં એ લેખને ફેંકી દીધો, જે સળગી ગયો. એ સર્વ ટેલીરાન્તની સમજમાં ના આવ્યું. એણે નેપોલિયનને પૂછ્યું - 'સમ્રાટ ! આ લેખને આપે સળગાવી શા માટે

(અનુસંધાન પેજ નં. 23 પર)

ઈર્ષ્યા

બ્ર.કુ. પિનાક, નારણપુરા, અમદાવાદ.

ઈર્ષ્યાની આ અગન જાળમાં સળગે માનવ આજ,
ઈર્ષ્યા અંગે અંગથી પ્રગટે, બગડે સઘળાં કાજ.
રાજપાટના સ્વાર્થ લોભે, ઈર્ષ્યાએ મંથરાને સરજી,
પતિ પ્રેમનો પ્રાણ તજીને, કૈકેયી તો એવી ગરજી.
સુખશાંતિનું સુંદર સપનું, ઈર્ષ્યા કરતી રાખ,
ઈર્ષ્યાએ રામાયણ સરજ્યું, કડવાં ફળતું ચાખ.
ઈર્ષ્યાનો ઈતિહાસ અનેરો, ઈર્ષ્યા પ્રગટે આંખ,
ઈર્ષ્યા રૂપયૌવનથી પ્રગટે, ઈર્ષ્યા ઉડતી પાંખ.
દેહની દુનિયામાં ઈર્ષ્યા, મનની મુરાદમાં ઈર્ષ્યા,
ધનની ધમાલમાં ઈર્ષ્યા, વાણીને વચનમાં ઈર્ષ્યા.
રાજની રમતમાં ઈર્ષ્યા, સેવાની સરગમમાં ઈર્ષ્યા,
ગીત, સંગીત, કલામાં ઈર્ષ્યા, વાણીને વિવાદમાં ઈર્ષ્યા.
માનશાનને પદમાં ઈર્ષ્યા, પ્રેમની પૂજામાં ઈર્ષ્યા,
મુરલીના મંથનમાં ઈર્ષ્યા, સંબંધોની સૃષ્ટિમાં ઈર્ષ્યા.
ઈર્ષ્યાની છે યાદી મોટી, છોડો એને આજજી.
ઈર્ષ્યાને સળગાવો હમણાં, થાયે રૂડાં કાજજી.

ઈર્ષ્યા છૂટે, શું શું થાય ?

તન આ તંદુરસ્ત થાય, મન આ મલકાતું થાય.
હૈયે ભાર હળવો થાય, સંબંધો સુગંધી થાય.
પ્રેમનો પરિમલ પ્રગટે, પ્રેરણાનાં પીયૂષ પ્રગટે,
પ્રભુ પિતાનો પ્રેમ પ્રગટે, પ્રાણમાં પ્રકાશ પ્રગટે.
મન મુરલીમાં લાગે, યાદની યાત્રામાં લાગે,
સમય આ સોનેરી લાગે, ધારણાની ધૂન લાગે.
અન્ય વિકાસે હરખે આતમ, પ્રેમ પ્રેરણા આપે આતમ,
શાબાશી શબ્દો બોલે આતમ, સૌના સુખમાં સુખી આતમ.
દેહભાનની ભૂલે દુનિયા, આંતર સુખની આવે દુનિયા,
કંટકમય બદલાતી દુનિયા, સપનામાં સોનેરી દુનિયા.

॥ ઓમશાંતિ ॥

સદા સુખી બનવા..

બ્ર.કુ. કનુભાઈ પટેલ, ગોધરા

- પોતાને આત્મા સમજી શિવ પિતાની યાદમાં રહો.
- દેહ અને દેહના સબંધોથી ન્યારા બનો.
- કમળના ફુલ જેવું જીવન જીવો.
- મન, વચન, કર્મથી કોઇ પણ આત્માને દુઃખ ન આપો.
- ઓછું બોલો, મીઠુ બોલો, ધીરે બોલો, સમજી-વિચારીને બોલો.
- હંમેશા સારા વિચાર કરશો તો સારા કર્મ થશે.
- તમારી પાસે જે છે તે સર્વ શ્રેષ્ઠ છે તે યાદ રાખો.
- બદલો લીધા વગર, પોતાને બદલીને બતાવો.
- પાંચ ખોટા સિક્કા- કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકારને છોડો.
- કોઇને દુઃખ આપશો નહી કોઇનું દુઃખ લેશો નહી.
- આત્માના મૂળ ગુણ જ્ઞાન, પવિત્રતા, સુખ, શાન્તિ, પ્રેમ, આનંદ અને શક્તિમાં રહેવાનો પુરૂષાર્થ કરો.
- અમૃતવેલા, મુરલી કલાસ, ટ્રાફીક કંટ્રોલ, નુમા શામ યોગ, રાત્રીચાર્ટ કયારેય ચૂકશો નહી.
- બધા માટે શુભ ભાવના - શુભ કામના રાખો.
- ઇચ્છા માત્રમ્ અવિદ્યા બનો.
- ધીરજ રાખો અને સહનશીલ બનો.
- બીમારીમાં પણ હસતા રહો.
- જ્ઞાની બનો - યોગી બનો

॥ઓમશાંતિ ॥

Published and Printed by BK Bhartiben R. Somiya for Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Ahmedabad. Printed at Shreedhar Printers Pvt. Ltd., J & K Block No. 4, Ravi Estate, Dudheshwar Road, Ahmedabad - 380 004. Published from Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Sukh Shanti Bhavan, Bhulabhai Park Road, Kankaria, Ahmedabad - 380 022, Gujarat State, India. Edited by Prof. Dr. Kalidas Dhulabhai Prajapati

સંગમયુગની શબ્દાવલી

દૈવી ભાઈઓ અને બહેનો,

સંગમયુગની શબ્દાવલીના વિભાગમાં ઓગષ્ટ–૨૦૨૩ માસની શબ્દાવલી ભાગ–૩૩ના જવાબો આ સાથે છે. જ્ઞાનના ચિંતનના આધારે તમારા જવાબોને સાચા જવાબો સાથે સરખાવી શકશો. સંગમયુગની શબ્દાવલી ભાગ–૩૪ અહીં પ્રસ્તુત છે. જેની આડી–ઉભી ચાવીઓ ભરશો. તમને આવતાં અંકમાં સંગમયુગની શબ્દાવલી ભાગ–૩૪ના જવાબો મળશે.

સંગમયુગની શબ્દાવલી : ભાગ-૩૪

1	2		3		4	5	6		7
8					9				
		10							
11					12				
		13		14				15	16
17	18					19	20		
			21						
22								23	
			24		25	26			
27								28	

શબ્દાવલી ભાગ-33 ના જવાબોવાળું કોષ્ટક

1 વિ	શ્વ	2 બં	ધુ	3 ત્વ	4 દિ	વ	5 સ		6 શી
રા		ધ		7 મે	વા		8 દા	9 ન	ત
10 ટ	11 ફ	ન		12 વ	લ	ણ		13 ક	ળા
	રી		14 ર				15 ફા	લ	સા
16 રિ	શ્તા		17 ક્ષા	18 ર		19 ક્ષી	ર		ત
તી			20 બં	ગ	21 લો		22 ક	લ	મ
	23 સું	24 ગ	ધ		25 પ	તે	તી		
26 મ		27 ગા	ન					28 આ	ત્મા
ર્ત		જ		29 અ	30 ધિ	31 ક	32 મા	સ	
33 બા	દ	લ			34 સં	શો	ધ	ન	

આડી ચાવીઓ:–

૧. શ્રી કૃષ્ણનું એક નામ (૪)
૪. આદિકાળનો સમય (૫)
૮. રામનો પુત્ર (૨)
૯. ગ્રાહનું ગુજરાતી (૩)
૧૦. પૃથ્વીના બે ઉપગ્રહ (૫)
૧૧. સૂર્યગ્રહણ .....ના દિવસે થાય (૩)
૧૨. કુંભ (૩)
૧૩. ટૂંકી વાર્તા (૪)
૧૫. ગુરૂવારનો પ્રસાદ (૨)
૧૭. અરીસો (૩)
૧૯. ઘઉંમાંથી ...... નીકળે (૨)
૨૧. ગૃહસ્થી જીવન (૫)
૨૨. પારસી ઉદ્યોગપતિ .....ટાટા (૩)
૨૩. ધનવાન શબ્દનો અંગ્રેજી અનુવાદ (૨)
૨૫. દેવતાઓના ઋષિ (૩)
૨૭. ૮ સપ્ટેમ્બરનો દિવસ (૭)
૨૮. નનામી (૨)

ઊભી ચાવીઓ:–

૧. જન્માષ્ટમી (૬)
૨. કાબુ, કંટ્રોલ (૨)
૩. રોકડા (૩)
૪. શિવબાબા આપણને .... સંભળાવે છે. (૫)
૫. પાણીનું પ્રતિબિંબ (૪)
૬. મલાઈ (૨)
૭. ફાયદો (૨)
૧૦. વિદ્યાપીઠના કુલપતિને અંગ્રેજીમાં કહેવાય (૪)
૧૪. સાપ્તાહિક રાજયોગ કોર્ષનું એક ચિત્ર (૪)
૧૬. ભાદરવા સુદ ચોથ (૬)
૧૮. ચાંદી (૩)
૧૯. ..... કા ખાતા બઢાવો (૨)
૨૦. કક્ષા (૨)
૨૨. સાગર શબ્દને ઉંધો લખો (૩)
૨૪. જનકપુત્રી (૨)
૨૫. નૈયા (૨)
૨૬. જ્યુસ (૨)

Gyan Amrit Vol.16 | Issue 09 | September 2023 | Retail Price - 15/- | RNI No. of RNP is GUJGUJ/2007/21842. Published on 1st of every month. Registered under Postal Registration No. AHD-C/21/2023-2025 Vaild up to 31st December-2025 Issued by the SSPO's Ahmedabad City Division, LPWP Licence No. PMG/NG/109/2023-2025 valid up to 31st December 2025, permitted to post at Ahmedabad PSO on 4th of every month.

વડોદરા અટલાદરા સેવાકેન્દ્ર પોલીસકર્મીઓ માટે આયોજીત ત્રિદિવસીય શિબિરનું ઉદ્‌ઘાટન કરતાં પોલીસ કમિશ્નર ભ્રાતા ડૉ. શમશેરસિંહ, જોઈન્ટ પોલીસ કમિશ્નર ભ્રાતા મનોજ નીનામા, ડી.સી.પી. ભ્રાતા યશપાલભાઈ, એ.સી.પી. ભ્રાતા કમલેશભાઈ વસાવા, SHE Teamના એ.સી.પી ભગિની રાધિકા ભરાઈની સાથે બ્ર.કુ. અરૂણાબેન, બ્ર.કુ. પુનમબેન તથા સભામાં ઉપસ્થિત પોલીસકર્મી બહેનો તથા ભાઈઓ.

ચિલોડા ખાતે CRPFના DIG ભ્રાતા રામસિંહજીને ઈશ્વરીય સૌગાત આપી નિમંત્રણ આપતાં બ્ર.કુ. તારાબેન સાથે બ્ર.કુ. મીરાબેન.

અમદાવાદ જીલ્લા સેવા સદન કચેરી ખાતે તનાવમુક્તિ કાર્યક્રમમાં સ્વાગત કરતાં ડેપ્યુટી કલેક્ટર ભ્રાતા એસ.કે.પટેલ, યુવા પ્રભાગના વાઈસ ચેયરપર્સન બ્ર.કુ. ચંદ્રિકાબેન, બ્ર.કુ. રીટાબેન તથા કર્મચારીગણ.

મહેસાણા ખાતે 'મારી માટી મારો દેશ' કાર્યક્રમમાં CISFના ઈન્સ્પેટર ભ્રાતા મહાવીરસિંગની સાથે જીલ્લા આરોગ્ય અધિકારી ડૉ. સુહાગ શ્રીમાળી, મહેસાણા ડેરીના ચેરમેન કિરીટભાઈ પટેલ, રેન્જ ફોરેસ્ટ ઓફિસર ભગિની ભારતીબેન, કૃષિ અને ગ્રામ વિકાસ પ્રભાગના અધ્યક્ષ બ્ર.કુ. સરલાબેન, તોલાણી આર્ટસ્ કોલેજના પ્રોફેસર કિરણબેન, બ્ર.કુ. કુસુમબેન.

ગાંધીનગર સેક્ટર-૩ ખાતે 'વૃક્ષારોપણ' કાર્યક્રમ અંતર્ગત વૃક્ષારોપણ કરતાં MLA ભગિની રીટાબેન પટેલ તથા બ્ર.કુ. સુનીતાબેન સાથે ગાંધીનગર મહાનગરપાલિકાના કૉરપોરેટર રાજુભાઈ પટેલ, ભ્રાતા સંકેતભાઈ પાંચેસરા, કૌશિકભાઈ પટેલ, ભ્રાતા સુનીલભાઈ ત્રિવેદી, ભાજપ યુવા પાંખના મહામંત્રી ભ્રાતા ધર્મેન્દ્રસિંહ તથા અન્ય.

If Undelivered Please Return to Publishing Place :
BRAHMA KUMARIS, 'Sukh Shanti Bhawan', Opp. Municipal School-6, Bhulabhai Park Road, Kankaria, Ahmedabad-380022. (Gujarat) INDIA

Publisher : Bharti Ranchhoddas Somaiya
Phone : 079- 25324460,
Email : gyanamrit.guj@gmail.com